# આધ્યાત્મિક કેડી

તંત્રી : સમ્પાદક : કૈલાસબહેન એન. પરીખ



પરમ તેજદાત્રી મા ગાયત્રી

વર્ષ ૨ ] એપ્રિલ ૧૯૯૩ [ અંક ૨

# શ્રી ગાયત્રી ફાઉન્ડેશન ટ્રસ્ટ

## અમદાવાદ–૧૬

[ રજી. નં. ૩૩૬૧ ]

ગાયત્રી ઉપાસક પૂજ્ય શ્રી શાસ્ત્રીજીએ (નરેન્દ્રભાઈ બી. દવે) માર્ચ ૧૯૭૫થી મા ગાયત્રીના આદેશથી લોકસેવાનો અભિગમ સ્વીકાર્યો છે. આધિ–વ્યાધિ–ઉપાધિથી ત્રસ્ત વ્યક્તિઓને વ્યક્તિગત મુલાકાત આપી તેમના પ્રશ્નો સુલઝાવવાનો પ્રયત્ન વિના મૂલ્યે કરી રહ્યા છે. અસાધ્ય બિમારીથી વ્યથિત વ્યક્તિઓને પૂજ્યશ્રી મા ગાયત્રીના આદેશ અને માર્ગદર્શન અનુસાર શક્તિપ્રદાનની સારવાર આપી રોગમુક્ત કરવાનો પ્રયાસ કરે છે. અભિમંત્રિત જીવનજળ માનવીનું જીવન બનાવે છે અને જીવન બચાવે છે.

ભારતમાં અને વિદેશોમાં પૂજ્યશ્રીની સેવાનો લાભ વિશાળ જનસમુદાયે લીધો છે અને લઈ રહ્યા છે. યંત્રયુગમાં જીવતાં માનવીને આધ્યાત્મિક શરણનો સીધો, સરળ રાહ બતાવી માનસિક શાંતિનો અનુભવ કરાવે છે.

પૂજ્યશ્રીના આ અનોખા અને વિરલ કાર્યયજ્ઞનો લાભ કોઈ પણ જ્ઞાતિ, જાતિ, ધર્મ કે સમ્પ્રદાયના વિશાળ જનસમુદાયને મળી શકે તેવા શુભ આશયથી પૂજ્યશ્રીની પ્રેરણા અને મા ગાયત્રીની કૃપાથી **શ્રી ગાયત્રી ફાઉન્ડેશન ટ્રસ્ટ**ની સ્થાપના કરવાનો એક નમ્ર પ્રયાસ કર્યો છે.

**આ ટ્રસ્ટના મુખ્ય હેતુઓ નીચે પ્રમાણે છે :**

(૧) ગરીબ તથા જરૂરવાળા માણસોને દરેક પ્રકારે મદદ કરવી.
(૨) કોઈ પણ પ્રકારના શિક્ષણના ક્ષેત્રમાં મદદ કરવી.
(૩) આધ્યાત્મિક સારવાર–કેન્દ્ર સ્થાપી અસાધ્ય બિમારીમાંથી લોકોને રાહત અપાવવી.
(૪) કુદરતી આફતમાં સપડાયેલાઓને સહાયરૂપ થવું.
(૫) વિશ્વબંધુત્વની ભાવના કેળવી માનવજાતને દરેક વિષમ પરિસ્થિતિમાં સહાયરૂપ થવું.

અમારા આ નમ્ર પ્રયાસને આપ વધાવી લેશો અને વેગવંતો બનાવશો તેવી નમ્ર વિનંતી.

આભાર સહ.

**કે. એન. પરીખ**
મેનેજિંગ ટ્રસ્ટી
શ્રી ગાયત્રી ફાઉન્ડેશન ટ્રસ્ટ

સરનામું :
**કે. એન. પરીખ**
મેદ્રનનો બંગલો, સીવીલ હોસ્પીટલ કમ્પાઉન્ડ,
અસારવા, અમદાવાદ–૧૬. (ગુજરાત) (ઇન્ડિયા)
ફોન : ૬૭૯૯૭

# આધ્યાત્મિક કેડી

વર્ષ ૨ • એપ્રિલ : ૧૯૮૩ • અંક ૨

## અનુક્રમણિકા


| | | | |
|---|---|---|---|
| ૧. | ભક્તિનો મારગ ન્યારો | ડૉ. કાન્તિલાલ કાલાણી | ૩ |
| ૨. | ભગવાનને સમર્પણ થઈ જવાની વૈદિક-શાસ્ત્રોક્ત ક્રિયા તે યજ્ઞ! | ... ... | ૮ |
| ૩. | ઈશ્વર અને સન્તના સંકેતોને ભૌતિક મૂલ્યોથી મપાય નહિ! | ... ... | ૧૦ |
| ૪. | પૂજ્ય ગુરુદેવના સાન્નિધ્યની પળોમાં... | ... ... | ૧૩ |
| ૫. | આધ્યાત્મિક કેડી : પુરશ્ચરણના ભીતરમાં | ... ... | ૧૬ |
| ૬. | સૂક્ષ્મ રૂપે મુકેશને ઘેર | ... ... | ૨૦ |
| ૭. | ચિત્રકેતુ | ... ... | ૨૨ |
| ૮. | ઓપરેશન વેળા સૂક્ષ્મ હાજરી | ... ... | ૨૫ |
| ૯. | આધ્યાત્મિકતાના આશ્રય વિના વૈયક્તિક, સામાજિક અને વૈશ્વિક ઉત્થાન શક્ય નથી! | ... ... | ૨૭ |
| ૧૦. | કાવ્યપ્રસાદ | ... ... | ૩૦ |
| ૧૧. | સમાચાર | ... ... | ૩૨ |


**વિજ્ઞપ્તિ : લવાજમ રીન્યુઅનલ**

**૧૯૮૩ ના વર્ષનું લવાજમ આપ રીન્યુ કરાવી લેશો. —તંત્રી**


**વાર્ષિક લવાજમ : રૂ. ૧૦**

આ ત્રૈમાસિક અંક જાન્યુઆરી, એપ્રિલ, જુલાઈ અને ઑક્ટોબર માસમાં પ્રગટ થશે.

પ્રકાશક : શ્રી કૈલાસબહેન એન. પરીખ, શ્રી ગાયત્રી ફાઉન્ડેશન ટ્રસ્ટ, મેટ્રન ક્વાર્ટર્સ, ન્યુ સીવીલ હૉસ્પિટલ કમ્પાઉન્ડ, અસારવા, અમદાવાદ–૩૮૦૦૧૬

મુદ્રક : કાન્તિભાઈ મ. મિસ્ત્રી, આદિત્ય મુદ્રણાલય, રાયખડ, અમદાવાદ–૩૮૦ ૦૦૧

# ભકિતનો મારગ ન્યારો

ડૉ. કાન્તિલાલ કાલાણી

પરમ તત્ત્વને સમજવા ભક્તિ સરળ માર્ગ છે એવું સંતો કહે છે ત્યારે એમાં રહસ્ય એ છે કે તેઓ ભક્તો માટે કહે છે; સામાન્ય મનુષ્યો માટે નહીં. સામાન્ય માનવીને ભક્તિ હાથવગી થાય એ પહેલાં લાંબી યાત્રા કરવી પડે છે. ભક્તિને હૃદય સાથે સીધો સંબંધ છે. હૃદયના દ્વાર પાસે પહોંચીએ તે પહેલાં બુદ્ધિનું ઠીક ઠીક લાંબું ભોંયરું વટાવવું પડે છે. બુદ્ધિ જોરાવર હોય છે ત્યાં સુધી ભક્તિ થતી નથી. બુદ્ધિ શાંત થઈ જાય, શમી જાય ત્યારે ભક્તિનો ઉદય થાય છે.

ભેદ કરનારી, શંકા કે સંદેહ કરનારી અને દોષ પ્રત્યે નજર રાખનારી બુદ્ધિને કહીએ કે તારે પ્રવૃત્તિ કરવાની નથી, તારે હૃદયને શરણે જવાનું છે, તો વર્ષોથી જેણે સત્તા ભોગવી છે તે બુદ્ધિ પોતાનાં હથિયાર શી રીતે હેઠાં મૂકી દેશે ? બુદ્ધિને તોડફોડ કરવાનું સારું ફાવે છે. એટલે તો એ વિરોધ કર્યા કરે છે, અસ્વીકાર કર્યા કરે છે, ખોટા ખોટા અથવા સામી વ્યક્તિની કસોટી કરવા પ્રશ્નો પૂછ્યા કરે છે. આવી બુદ્ધિ ડુબાડનારી છે.

શ્રીકૃષ્ણે શ્રીમદ્ ભગવદ્‌ગીતાના શરૂઆતના આઠ અધ્યાયમાં જાણી જોઈને હૃદય, શ્રદ્ધા કે ભક્તિ પર ભાર મૂકયો નથી. જ્યાં સુધી બુદ્ધિ પોતાનો ઘોડો ખૂંદતી હોય ત્યાં સુધી હૃદયની, શ્રદ્ધાની, ભક્તિની વાત કરવાનો અર્થ નહોતો. એટલે શ્રીકૃષ્ણે આ અધ્યાયોમાં આ બાબતોને ઊંડાણમાં સ્પર્શી નથી. તે અંગે અછડતા ઉલ્લેખો જ કર્યા છે. તેઓ કહે છે : શ્રદ્ધા રાખી, દ્વેષને ત્યાગી જે મનુષ્યો મારા અભિપ્રાય અનુસાર હમેશાં ચાલે છે. તેઓ પણ કર્મબંધનથી મુક્ત થાય છે (૩ : ૩૧). અન્ય સ્થાને કહ્યું છે કે જે જે મનુષ્ય જે જે સ્વરૂપને શ્રદ્ધાપૂર્વક ભજવા ઇચ્છે છે તે તે સ્વરૂપ વિશે તેની શ્રદ્ધાને દૃઢ કરું છું (૭ : ૨૧). શ્રદ્ધાવાન યોગીને તેમણે મહત્ત્વ આપ્યું છે : બધા યોગીઓમાં જે મારામાં મન પરોવીને મને શ્રદ્ધાપૂર્વક ભજે છે તેને હું સર્વશ્રેષ્ઠ યોગી માનું છું (૬ : ૪૭).

પરમાત્માને શ્રદ્ધાપૂર્વક ભજનાર યોગીને તેમણે પોતાની પરમ સમીપે ગણ્યો છે : મારામાં લીન થયેલો જે યોગી ભૂતમાત્રને વિશે રહેલા મને ભજે છે તે બધી રીતે કર્મોમાં વર્તતો છતાં મારા વિશે જ વર્તે છે, એમ કહી તેમણે શ્રદ્ધાવાન યોગીનો મહિમા કર્યો છે. શ્રદ્ધા અને ભક્તિ વિશેના આવા સામાન્ય ઉલ્લેખો આઠ અધ્યાય સુધી મળે છે. તેઓ પોતાના અંતરની વાત છેક નવમા અધ્યાયની શરૂઆતથી કહેવા તત્પર થયા છે : અદેખાઈ કરનારો દોષદર્શી તું નથી તેથી તને હું ગુહ્યમાં ગુહ્ય અનુભવવાળું જ્ઞાન આપીશ. જે જાણીને તું અકલ્યાણમાંથી બચી જશે.

આ પહેલાં તેઓ અર્જુનની બુદ્ધિનો મેલ સાફ કરવામાં રોકાયેલા રહ્યા, એની બુદ્ધિને સ્પર્શે તેવી વાતો કરતા રહ્યા. અર્જુન પ્રકૃતિએ ઋજુ બુદ્ધિનો હતો એટલે શ્રીકૃષ્ણનાં ભાવસભર અને સ્પષ્ટ વચનોની તેના પર અસર થવા માંડી. છતાં આ કાર્ય સહેલું નહોતું. અર્જુનની દૃષ્ટિ પર જે પડળ આવી ગયું હતું તેને દૂર કરવામાં આઠ અધ્યાય ગયા. લગભગ અરધી ગીતા પૂરી થઈ પછી અર્જુનની દૃષ્ટિ દોષોથી ખરડાયેલી ન રહી. ત્યાં સુધી શ્રીકૃષ્ણે પૂરેપૂરો વિવેક દાખવ્યો. અર્જુનને ગુહ્ય વિદ્યાનું જ્ઞાન ન આવ્યું ત્યાં સુધી એવું જ્ઞાન આપવાનો અર્થ પણ ન હતો.

મનુષ્ય જ્યાં સુધી પોતાની નજરે જ જગત જોતો હોય છે ત્યાં સુધી એને વાસ્તવિકતા દેખાતી નથી. પોતે જે કાંઈ જુએ છે અથવા સમજે છે તે જ બરાબર છે એવું જ્યાં સુધી તેનું વલણ હોય ત્યાં સુધી પદાર્થ કે પરિસ્થિતિનું ખરું દર્શન થતું નથી. બુદ્ધિ એવી અવળચંડી છે કે એ પોતાની માન્યતાને જલદી છોડતી નથી. એ જે જુએ છે તે જ સાચું માનીને ચાલે છે. એને ખ્યાલ નથી કે જોનારની આંખ મર્યાદાઓથી ભરેલી છે, એ મન સાથે જોડાયેલી છે અને મન પોતાના પૂર્વગ્રહો અને માન્યતાઓમાં જ રચ્યુંપચ્યું રહેતું હોય છે.

ઇન્દ્રિયોનો ઉપયોગ કરતી વેળા મનની કેવી સ્થિતિ છે તે ઘણું મહત્ત્વનું છે. બે મનુષ્યોની આંખો એકનું એક દૃશ્ય ભિન્ન ભિન્ન રીતે જુએ છે એ હકીકત છે. કવિની આંખો વૃક્ષને જે રીતે જુએ છે તે કઠિયારાની કે ખેડૂતની આંખો જોતી નથી. માત્ર આંખો જ જોવાનું કામ કરતી હોત તો આપણી આંખોની જેમ ડુક્કરની આંખોને ઉકરડો ન ગમત. પણ આંખ તો માત્ર પ્રવેશદ્વાર છે. વસ્તુમાત્રનું પ્રતિબિંબ ઝીલનાર, પદાર્થ કે વ્યક્તિને જોઈને તેના વિશે સારું-નરસું વિચારનાર તો અન્તઃકરણ છે. મન અન્તઃકરણનો એક વિભાગ છે. બુદ્ધિ, ચિત્ત અને અહં પણ તેની સાથે સંકળાયેલાં છે. એમાં હૃદય ક્યાંય આવતું નથી. ભક્તિને હૃદય સાથે સીધો સંબંધ છે. એટલે જેની બુદ્ધિએ પરમ તત્ત્વની શરણાગતિ સ્વીકારી છે, જેણે ઈશ્વર આગળ પોતાનું હૃદય ખુલ્લું મૂકી દીધું છે તે ભક્ત છે.

ઊંડા ઊતરીને જાતને સમજવાની કોશિશ કરીશું તો ખ્યાલ આવશે કે, ભક્તિમાં સીધો પ્રવેશ શક્ય નથી. બુદ્ધિનું ક્ષેત્ર વટાવ્યા પછી જ ભક્તિનું ક્ષેત્ર શરૂ થાય છે. જે ભક્ત બુદ્ધિને થકવી નાખતો નથી, તેને નીચોવી નાખતો નથી, એને હંફાવી પરાસ્ત કરી દેતો નથી, તે હૃદયનાં દ્વાર ખખડાવી શકતો નથી.

આ રીતે વિચારીએ તો ભક્તિ સુધી પહોંચવાની પ્રક્રિયા ઘણી સંકુલ છે. મનુષ્ય પોતે જ પોતાની બુદ્ધિનો પરાભવ કરે, એને લગભગ નામશેષ કરી નાખે એ આકરી સાધના અને તાવણી માગી લે છે. તર્ક, કુતર્ક, વિતર્ક અને દ્વન્દ્વથી કંટકયુક્ત બનેલો બુદ્ધિનો દીર્ઘ માર્ગ કાપવામાં જે સારી રીતે સફળ થાય છે તેમને માટે ભક્તિનો માર્ગ સરળ બની જાય છે.

અહીં બુદ્ધિ ઉપર ચોકડી મૂકવાનો કે એનાથી ભાગી છૂટવાનો સંકેત નથી, બુદ્ધિ પ્રત્યે જાગવાનો ઇશારો છે. શ્રીકૃષ્ણ બુદ્ધિની મર્યાદાઓ યથાતથ જાણે છે એટલે તેઓ અર્જુનના સૂરમાં સૂર પુરાવતા નથી. અર્જુનની બુદ્ધિ એમ કહે છે કે સમરાંગણમાં યુદ્ધ કરવા કરતાં પરાજય સ્વીકારી લેવો સારો. યુદ્ધના મેદાનમાં નિકટનાં સગાંસંબંધીઓ અને ગુરુજનો હશે જ એની અર્જુનને અગાઉથી જાણ હતી, છતાં જ્યારે એણે સૌને નજરે જોયાં ત્યારે એનાં ગાત્રો ગળવા માંડયાં, શરીર ધ્રૂજવા માંડયું, મગજ ચકર-ચકર ફરવા લાગ્યું અને હાથમાંથી ગાંડીવ સરી પડયું. ત્રિલોકનું રાજ્ય મળે તો પણ તે કૌરવોને

હણવા ઇચ્છતો નથી. તેની બુદ્ધિ પાપ-પુણ્યની ગણતરીએ ચડી જાય છે. કુલધર્મના નાશનો અને વર્ણસંકર પ્રજાનો વિચાર આવતાં તે અંદરથી હલબલી જાય છે; તેની બુદ્ધિ શોકથી ઘેરાઈ જાય છે.

શ્રીકૃષ્ણ બુદ્ધિના ક્ષેત્રને વટાવી ચૂકેલા હતા. એટલે અર્જુનની જેમ તેઓ મોહને વશ થઈ જાય અથવા અધર્મને ધર્મ માની લે તેવા એકાંગી નહોતા. એમને મન કોઈ પોતીકું કે કોઈ પારકું નહોતું. એટલે તેઓ અર્જુનને ઠપકો આપી શકે છે અને એની બુદ્ધિ કેટલી મર્યાદિત છે તે તેને દર્શાવી આપે છે.

બુદ્ધિનું અવલંબન લઈ અર્જુન આંતરખોજ કરતો હતો તે બરાબર નહોતું એ શ્રીકૃષ્ણ સારી રીતે જાણતા હતા એટલે આઠ અધ્યાય સુધીના વાર્તાલાપમાં તેમણે અર્જુનના એ અવલંબનને નિરાધાર કરી નાખ્યું.

અર્જુનની બુદ્ધિ શાંત થઈ ગઈ, એના કહેવાતા પ્રશ્નો શમી ગયા પછી શ્રીકૃષ્ણે તેને અનુભવજન્ય જ્ઞાન આપવાની વાત કરી. નવમા અધ્યાયમાં અર્જુન સમક્ષ શ્રદ્ધાનો, ભક્તિનો નવો પ્રદેશ ખુલે છે. ભક્તિ માત્ર શ્રવણથી કે રાગ-રાગિણીથી સુગમ કે દૃઢ બનતી નથી, જે ભક્તિ માત્ર કાન કે કંઠ સુધી પહોંચે છે તે કોરી રહી જાય છે. ભક્તિ હૃદય સુધી પહોંચવી જોઈએ. પાત્રતા કેળવાય ત્યારે જ ભક્તિની પ્રક્રિયા આગળ વધતી હોય છે અને હૃદયમાં છવાઈ જતી હોય છે.

કર્મયોગ અને જ્ઞાનયોગની સમજણ આપ્યા પછી જ શ્રીકૃષ્ણે અર્જુનને ભક્તિની વાત કરી છે. કર્મયોગીની અને જ્ઞાનયોગીની જેનામાં પાત્રતા આવી ગઈ છે તેમને માટે ભક્તિ સુગમ છે. માનસરોવર કે કૈલાસ પહોંચતાં પહેલાં અસંખ્ય શિખરો ઓળંગવા પડે છે અને અતિ વિકટ અને દુર્ગમ કહી શકાય તેવી કેડીઓ પરથી ચાલવું પડે છે. આકરી કસોટીમાંથી પસાર થયા પછી સપાટ પ્રદેશ આવે, સમગ્ર અસ્તિત્વને ટાઢક આપે એવું વિશાળ સરોવર જોવા મળે અને કોઈ યાત્રિક કહે કે હવે સુગમ માર્ગ પર ચાલવાનું છે તો એનો અર્થ એટલો જ સમજવાનો કે ભીષણ યાતના પછીની સુગમતા છે અથવા અતિ વિકટ પ્રદેશ પછી આવતો સાધારણ સપાટ પ્રદેશ છે.

અનુભવી પુરુષોએ ભક્તિને સરળ માર્ગ કહ્યો છે તેનો અર્થ એવો નથી કે જીભ મોટે મોટે ભગવાનનું નામ લે, હાથ તાળીઓ પાડે અથવા માળા ફેરવે કે ધૂપ-દીપ કરે એટલે ભક્તિ થઈ જાય. ભક્તિને એટલી સસ્તી ન કરી દેવી જોઈએ. ભક્તિ તો ભક્તનો પરમાત્મા સાથે તાર જોડી આપે છે; તેની અંગત આકાંક્ષાઓનું, અભીપ્સાઓનું અને સ્વપ્નોનું વિસર્જન કરી તેને પરમાત્મામાં સ્થિર કરી દે છે. આ સ્થિતિએ પહોંચતાં કેટલો સમય વીતે તે કહેવું મુશ્કેલ છે. ઘણા કહે છે કે જ્ઞાનનો, કર્મનો અને યોગનો માર્ગ અતિ દીર્ઘ છે અને ભક્તિનો માર્ગ ટૂંકો છે. પણ એવું નથી. કોઈ માર્ગને લાંબો કહેવો અને કોઈને ટૂંકો એ અજ્ઞાનનું લક્ષણ છે. અંતરશુદ્ધિ ન થાય ત્યાં સુધી યાત્રા કરવી જ પડતી હોય છે, પછી એ જ્ઞાન કે કર્મમાર્ગની હોય, યોગમાર્ગની હોય અથવા ભક્તિમાર્ગની હોય.

ભક્તિની વિશેષતા એ છે કે એમાં ભક્તે સમર્પણ સિવાય અન્ય કાંઈ કરવાનું હોતું નથી. આ સમર્પણ ચૈતન્ય પ્રતિ, સત્ય પ્રતિ કે પરમાત્મા પ્રતિ જ કરવાનું હોય છે. એટલે કે તત્ત્વ સાથે અદ્વૈત સાધવાનું હોય છે. એમાં ભક્તને પક્ષે માત્ર સમર્પણ કરવાનું, બાકીનું બધું પરમાત્મા કરે. જ્યારે જ્ઞાનમાર્ગ, કર્મમાર્ગ, યોગમાર્ગ વગેરેમાં સાધકે પોતે સતત મથામણ કરવાની હોય છે. આ કારણે જ સંતોએ ભક્તિને સુલભ કહી હશે. ભક્તિમાં ભક્તને શિરે કોઈ ભાર નથી હોતો પણ એની આંતરિક શક્તિ અસામાન્ય હોય છે. એ કારણે તો એ સર્વસ્વ સમર્પણ કરી શકે છે. જ્ઞાનીને જ્ઞાનનો બોજ શિર પર રહી જવા સંભવ છે, જ્યારે ભક્ત તો બધું જ પરમાત્માનાં ચરણમાં ધરી દે છે.

ભક્ત શ્રદ્ધાને જોરે આ કરતો હોય છે. શ્રદ્ધાનું બળ અમાપ છે એટલે તો એ પોતાનું સર્વસ્વ હોડમાં મૂકી શકે છે અને નિરાંતનો, નિશ્ચિંતતાનો શ્વાસ લઈ શકે છે. અનુભવી પુરુષોએ ભક્તિને એટલે સાધના નથી કહી પણ ઉપાસના કહી છે. ઉપાસના એટલે પરમાત્માની સમીપ બેસવું, પરમાત્મામાં તન્મય થઈ જવું, તદ્રુપ થઈ જવું; પરમાત્મા સાથે અભિન્નતાનો અનુભવ કરવો. પરમાત્મા સાથે આત્મીયતાનો અનુભવ થતાં અડગ શ્રદ્ધાનો જન્મ થાય છે અને સમય વીતતાં હૃદયમાં શ્રદ્ધાનું ફૂલ ખીલી ઊઠે છે અને તેની સુગંધ સર્વત્ર ફેલાઈ જાય છે, એનું સૌન્દર્ય સમગ્ર અસ્તિત્વને સ્પર્શી જાય છે.

હૃદયમાં શ્રદ્ધાનો અવિરત સંચાર થાય પછી અંતરયાત્રામાં રુકાવટ આવતી નથી, શ્રદ્ધા ભક્તિને દૃઢ કરતી જ જાય છે. ભક્તિની જ્યોત પરિપૂર્ણ રીતે પ્રકાશી ઊઠે છે ત્યારે અગ્નિથી તપ્ત સોનું જેમ મેલ ત્યજી દે છે તેમ ભક્તિથી મનુષ્ય, અજ્ઞાન, વાસના અને કુકર્મો ત્યાગી ઇશ્વરમય થાય છે. તેના અહંકારનું વિસર્જન થાય છે, બુદ્ધિ હૃદયને સમર્પિત થઈ જાય છે અને ચિત્તની પરમાત્મામાં તન્મયતા સધાય છે, એ ઉપરાંત નિર્ભયતાનું વાતાવરણ નિર્માણ થાય છે; બધી ગણતરીઓ સરી પડે છે; દ્વિધા, શંકા અને રાગદ્વેષ શમી જાય છે. ભક્તિની પૂર્ણ સ્થિતિમાં નથી રહેતો પ્રમાદ કે નથી થતું ભોગોનું ચિંતન, માત્ર ઇશ્વરનું જ અસ્તિત્વ વર્તાય છે.

ભગવાને ભગવદ્‌ગીતામાં કહ્યું છે કે —

**ભજન્તિ તુમાં ભક્ત્યા મયિ તે તેષુ ચાપ્યહમ્ । (૯ : ૨૯)**

—જેઓ મને ભક્તિપૂર્વક ભજે છે તેઓ મારામાં છે અને હું તેમનામાં છું. શ્રીમદ્ ભાગવતમાં ભિન્ન શબ્દોમાં પણ આ જ વાત કહી છે :

**સાધવો હૃદયં મહ્યં સાધુનાં હૃદય ત્વહમ્ । (૯ : ૪ : ૬૮)**

—સાધુઓ (મારા ભક્તો) એ જ મારું હૃદય છે. અને હું તેમનું હૃદય છું. જે ભક્તિપૂર્વક પરમાત્માને ભજે છે તે ભક્ત કે સાધુ છે. ભક્તિપૂર્વક ભજવું એટલે અનન્ય ભાવથી ઇશ્વરસ્મરણ કરવું. ભગવદ્ નામ સાથે એકાકાર થવું, પોતાનું અસ્તિત્વ ભૂલી જવું. પરમાત્મા સાથે આ રીતે જે સંયુક્ત થાય છે તે કયારેય નાશ પામતા નથી. સ્વયં ભગવાને જ કહ્યું છે :

**ન મે ભક્તઃ પ્રણશ્યતિ । (૯ : ૩૧)**

ખરા ભક્તને ઇશ્વર સિવાય કશામાં રસ નથી હોતો. કોઈ અતિ મૂલ્યવાન હાર આપે તો હનુમાનજીની જેમ તેમાં ભગવાન છે કે નહીં તે ભક્ત પ્રથમ જોઈ લે છે. ભગવાનમાં અનુરાગ ઉત્પન્ન થાય તેવું સત્ત્વ તેનામાં ન હોય તો તે તેને સ્પર્શ પણ કરતો નથી. એ જાણે છે કે ધન, પદ, સુખ–સગવડો કે પદાર્થોનો ભોગવટો માયામાં ધકેલનાર છે, ક્ષણભંગુર અને નાશવંત છે. જેનો સહવાસ અસંતોષ, અશાંતિ અને અસુખની પરંપરા નિર્માણ કરે તેની પાછળ દોડયા કરવું તેના કરતાં જેમની ઉપસ્થિતિમાં બધું શાંત થઈ જાય છે, નિર્મળ થઈ જાય છે, ભાવસભર થઈ જાય છે, તેમની સાથે તદ્રુપતા કરવી એ ઇષ્ટતમ છે, એમ ભક્ત દૃઢપણે સમજતો હોય છે.

જે મનુષ્ય પરમાત્માનો અશેષપણે સ્વીકાર કરે છે તેનો પરમાત્મા સ્વીકાર કર્યા વિના રહેતા નથી. પરમાત્મા તેને પોતાનામાં સમાવી લે છે અને પોતે તેમાં સમાવિષ્ટ થઈ જાય છે. ગાગર જળમાં ડૂબે છે ત્યારે તે જળમાં સમાય છે અને જળ તેનામાં ભરાય છે. ગાગર નમે છે પછી જ તેમાં જળ આનાકાની વિના ભરાવા માંડે છે. ગાગરની સરખામણીમાં કૂવો ઘણો મોટો છે. એણે નાની ગાગરની

શા માટે દરકાર કરવી જોઈએ ? પણ જે વ્યાપક છે તે આવી સંકુચિતતા શા માટે આચરે ? ભગવાનનો ભક્ત સાથેનો વ્યવહાર કંઈક આવો છે. જે પરમાત્માનો સહર્ષ અને સંપૂર્ણ સ્વીકાર કરે છે તેને પરમાત્મા સભર કરી દે છે!

પાંચ વીસે સો થાય, પણ કેટલા વીસે પરમાત્મા સમીપે પહોંચાય એનો હિસાબ કરવો મુશ્કેલ છે. આપણને હિસાબમાં રસ નથી. ભરપૂર નિષ્ઠામાં રસ છે. જ્યાં અનન્ય નિષ્ઠા છે, શ્રદ્ધા છે, ત્યાં કશું દુષ્કર કે અશક્ય નથી. જે ચાલે છે તે પહોંચે છે. કોઈ વહેલા પહોંચે, કોઈ મોડા પહોંચે; તેમાં ઘણી બાબતો કારણભૂત હોય છે. એટલે ભક્ત ક્યારે પહોંચાશે તેની ચિંતા કરતો નથી. તેને હરિને માર્ગે ચાલવામાં આનંદ આવે છે. માર્ગે ચાલતાં ચાલતાં જ તે પોતાની અંદર છુપાઈ ને રહેલી પરમ સમૃદ્ધિનો અનુભવ કરે છે. પરમાત્માની તેને સઘન પ્રતીતિ થાય છે. આવા ભક્તની ચાલમાં વિશિષ્ટ પ્રકારનું નર્તન હોય છે, વિશ્વના સૂક્ષ્મ તાલ સાથે તેનું અનુસંધાન થઈ ગયું હોય છે, તે આત્મનિર્ભર થઈ ગયો હોય છે. એને માટે આ ઓછી મૂડી નથી. એની ખોજ ચાલુ હોય, એની અંદર કાર્યરત રહેતી શક્તિનું, એની પોતાની ચેતનાનું એનામાં સતત સ્ફુરી રહેલા આનંદનું એણે શરણ લીધું હોય પછી એને કોઈ યાત્રા ભારરૂપ થતી નથી, લાંબી લાગતી નથી. તે રમતો રમતો અહીંથી ચાલ્યો જાય છે.

□

મા ગાયત્રીની કૃપા અને પૂ. શાસ્ત્રીજીના આશિષ અમ સૌ પર અવિરતપણે વરસતા રહો એવી અભ્યર્થના સહિત.

NARENDRA
PROCESSING
INDUSTRIES

Tele. : Factory : 34066, 34067 * Resi. : C/o 24889

□

3-1, Plot No. 1, Behind Sub-Jail, Khatodra,
SURAT - 395 002

# ભગવાનને સમર્પણ થઈ જવાની વૈદિક-શાસ્ત્રોક્ત ક્રિયા તે યજ્ઞ!

પૂજ્ય ગુરુદેવના સાન્નિધ્યમાં, તા. ૨૩ મી જાન્યુઆરીના રોજ સુરતમાં, તેમ જ તા. ૩૦મી જાન્યુઆરીના રોજ આણંદમાં પંચકુંડી ગાયત્રી-મહાયજ્ઞનું આયોજન કરવામાં આવ્યું હતું. તેમ જ આ અગાઉ પણ પંચકુંડી ગાયત્રી-મહાયજ્ઞો થયા છે. એનો ઘણાં ભાઈ-બહેનોએ લાભ લીધો હશે, મેં પણ લીધો છે. મારી દૃષ્ટિએ યજ્ઞનું તાત્પર્ય મૂળભૂત હાર્દ હું જે સમજું છું, અનુભવું છું તે અહીં નમ્રભાવે પ્રસ્તુત કરું છું. જે વાચકોને-ઉપાસકોને પ્રેરણાપ્રદ નીવડશે એવી આશા છે.

સ્થૂળ દૃષ્ટિએ ન દેખાતાં, ન સ્પર્શી શકાતાં હોવા છતાં મા ગાયત્રીની પ્રત્યક્ષ હાજરીના પરોક્ષ અનુભવો એક યા અન્ય મિષે થયા અને અલૌકિક આનન્દથી ચિત્ત પુલકિત અને ધન્યતા અનુભવવા લાગ્યું.

યજ્ઞ એ એક ચોક્કસ વિધિવિધાનપૂર્વકની વૈદિક ક્રિયા છે. યજ્ઞ, યજ્ઞકુંડ અને એમાં આહુતિ અપાતાં હુતદ્રવ્યનું અનેક રીતે મહત્ત્વ હશે જ, પણ એની વીગતોમાં અહીં નહીં ઊતરીએ, કારણ એ વિશે મને કોઈ માહિતી પણ નથી.

એક વાત સ્પષ્ટ સમજાય છે કે યજ્ઞમાં નવે ગ્રહ અને બધા જ દેવતાઓનું એક સાથે સ્થાપન-આહ્વાન થાય છે. પૂજન થાય છે. એની વિધિપૂર્વકની પૂજા પછી, ગાયત્રી-મહાયજ્ઞમાં ગાયત્રી-મહામંત્રના સામુહિક ઉચ્ચારણ-જપ દ્વારા યજ્ઞકુંડમાં જવ-તલ-ડાંગર વગેરે અનેક પ્રકારનાં દ્રવ્યોની આહુતિ અપાય છે. મંત્રના સામુહિક જપ દ્વારા સાત્ત્વિક અને પવિત્ર એવું વાયુમંડળ રચાય છે. એ વાયુમંડળમાં મંત્ર-જપના ઉચ્ચારો ઘુમતા ને ઘોળાતા રહે છે ને વાતાવરણની, સ્થળની પવિત્રતા ને સાત્ત્વિકતા વધારતા રહે છે. એ પવિત્ર ને સાત્ત્વિક વાતાવરણ ને સ્થાનમાં દેવોની પ્રસન્નતા ને કૃપા ઊતરે છે. એટલું જ નહિ, તેઓ સૂક્ષ્મ રૂપે ઉપસ્થિત પણ થાય છે ને ઉપાસકો પર આશિષ ને કૃપાનું અમીવર્ષણ કરે છે.

પરન્તુ ઉપાસકની ઉપાસના અને કર્તવ્ય હુતદ્રવ્યની આહુતિ આપવાથી જ પરિપૂર્ણ થતી નથી. યજ્ઞકુંડમાં જવ, તલ વગેરેની આહુતિ સાથે દરેક ઉપાસકે પોતાના મનના વિકારો, મનની મલિનતાઓ-કામ, ક્રોધ, લોભ, મોહ, ઈર્ષ્યા, વેરભાવ, અહંકાર અને બીજાની ખણખોદ કરવાની મનોવૃત્તિનો હોમ કરવાનો છે, આહુતિ આપવાની છે.

યજ્ઞમંડપમાં યજ્ઞદેવતાનું યજન થાય છે, યજ્ઞનારાયણ દેવતાને જમાડવામાં આવે છે. એટલે મૃગીમુદ્રા -વચલી બે આંગળીઓ અને અંગૂઠાથી - હુતદ્રવ્યનો યજ્ઞકુંડમાં, હુતદ્રવ્ય લેશમાત્ર પણ યજ્ઞકુંડની બહાર ન પડે તે રીતે, યજ્ઞનારાયણ ભગવાનને જમાડી રહ્યા છીએ એવી ભાવનાથી હોમ કરવાનો છે. આહુતિ આપવાની છે. એ આહુતિ દ્વારા જેમ યજ્ઞનારાયણ દેવતા પ્રસન્ન થાય છે એથી યે વધુ, મનના વિકારોનો હોમ કરવાથી, મનોભૂમિને એ રીતે પવિત્ર ને સાત્ત્વિક બનાવી, ભગવાનને મનની ભૂમિ પર બિરાજમાન કરી પ્રસન્ન કરવાના છે. ગાયત્રી-મંત્ર એ બુદ્ધિનો મંત્ર છે. બુદ્ધિને સન્માર્ગે વાળી, પરમાત્મામાં ચિત્તને સ્થિર કરવાની પ્રાર્થના છે. ગાયત્રી-મંત્રનું સામુહિક ઉચ્ચારણ એ સામુહિક પ્રાર્થના બની રહે છે

એટલે મંત્રના ઉચ્ચારણ દ્વારા જે વાયુમંડળ રચાય છે એનાથી આપોઆપ ઉપાસકનું–વ્યક્તિનું ચિત્ત નિર્મળ બને છે. મનની કુત્સિત ભાવનાઓ વિલીન થાય છે ને પરસ્પર પ્રેમ ને સહકારની ભાવના ઉદ્ભવે છે.

સામુહિક હોમ વેળા દરેકને અનેકવિધ અનુભવો થાય છે. જેમ કે વિવિધ પ્રકારની અલૌકિક સુવાસ આવવી, માતાજીનાં દર્શન થવાં, અલૌકિક ને આહ્લાદક સ્પંદનોનો અનુભવ થવો, શરીરમાં અલૌકિક ને સુખદ કંપનો આવવાં વગેરે. હુતદ્રવ્યનો હોમ કરતાં યજ્ઞકુંડમાં ઉદ્ભવતી જ્વાળાઓની ગરમી ખૂબ સુખદ લાગે છે. જાણે યજ્ઞનારાયણ દેવતા પ્રસન્ન થઈને ભક્તને આલિંગન ન આપતા હોય! આશીર્વાદ ન વરસાવતા હોય! હોમ કરતાં કરતાં કુંડમાંથી ઊડીને શરીરે વળગતી હુતદ્રવ્યની કણિકાઓ જાણે યજ્ઞનારાયણ ભગવાનની કૃપા વરસતી હોય એમ લાગે છે ને શરીર ને મનમાં અદ્ભુત એવી તાજગી ને પ્રફુલ્લતા પ્રસરી રહે છે. આખું ય અસ્તિત્વ અલૌકિક આનંદના સાગરમાં ડૂબી જાય છે!

અને અન્તે મધ્યકુંડમાં શ્રીફળ હોમવામાં આવે છે. શ્રીફળ એ શરણાગતિનું પ્રતીક છે. મનના વિકારોનો હોમ કરીને ભગવાન સમક્ષ મસ્તક નમાવવાનું છે. એની શરણાગતિ સ્વીકારવાની છે. પરમાત્માને પ્રાર્થના કરવાની છે કે હે ભગવાન, હવે તમે મારો સ્વીકાર કરો. અને પછી આરતી ને સ્તુતિ કરવામાં આવે છે. આરતીની જ્યોત કહે છે કે આ જ્યોતનું પરમ ને દિવ્યજ્યોતમાં વિલીન થઈ જાય. ભગવાનને ભક્તનું ઐક્ય થઈ જાય.

યજ્ઞ એટલે મનના વિકારોનું શમન કરીને, પરમાત્માની શરણાગતિ સ્વીકારીને, ભગવાનને સમર્પણ થઈ જવાની, ભગવાનમાં એક થઈ જવાની, વિધિવિધાનપૂર્વકની, વૈદિક–શાસ્ત્રોક્ત ક્રિયા છે!

કુ. પૂર્ણિમા ભગતજી


**Manufacturer of**

# ELECTRICAL ACCESSORIES

# STANDARAD ELECTRICAL PRODUCTS

Sadhana Industrial Estate, S. V. Road, Oshiwada Bridge,
Jogeshwari ( West ), Bombay – 400 102

Gram : Seproswich, Bombay 400102 Phone : 573220

# ઈશ્વર અને સન્તના સંકેતોને ભૌતિક મૂલ્યોથી મપાય નહિ!

વિજ્ઞાનનાં અવનવાં સંશોધનોમાં એક નવું સંશોધન પ્રચલિત બન્યું છે કે ગર્ભાવસ્થા દરમ્યાન પુત્ર છે કે પુત્રી તે જાણવું. ગર્ભાવસ્થાના ચારેક માસ દરમ્યાન ગર્ભસ્થ બાળક પુત્ર છે કે પુત્રી છે તે જાણી શકાય છે. પુત્રના મોહમાં તણાતાં ઘણાં દંપતીઓ આનો આશ્રય લે છે. ગર્ભસ્થ બાળક પુત્રી હોય તો માતા ગર્ભપાત કરાવતાં પણ અચકાતી નથી. પણ મારે મતે આ અભિગમ બરાબર નથી. વિજ્ઞાન પોતાનાં સંશોધન દ્વારા ગર્ભમાંનું બાળક પુત્ર છે કે પુત્રી છે તે જાણી શકે છે, તે તેની સિદ્ધિને અનુલક્ષીને અભિનંદનને પાત્ર છે. પણ આ સંશોધનનો આશ્રય કેવળ પુત્રના મોહને વશ થઈને લેવો એ ઉચિત નથી. સ્ત્રી કે પુરુષ એક જ પરમતત્ત્વનાં બાળકો છે. તેથી આવનાર બાળક પુત્ર કે પુત્રી માટે કોઈ પણ માતાપિતાએ અભિગ્રહ કે પૂર્વગ્રહ કે મોહમાં તણાવું ન જોઈએ.

વળી, સ્ત્રી–પુરુષના સહયોગ દ્વારા પરમાત્માએ જે સર્જન–પ્રક્રિયાનું નિર્માણ કર્યું છે તેને ખૂબ જ પ્રેમાદર, અહોભાવ ને પવિત્રતાથી સ્વીકારીને એનું જે ફળ પ્રાપ્ત થાય તે ઈશ્વરાધીન–ઈશ્વરેપ્સિત માનીને સ્વીકારી લેવું તે પ્રત્યેક મનુષ્યની– પ્રત્યેક દંપતીની પવિત્ર ફરજ છે – માનવતા છે. ફરજ એક-તરફી ન હોવી જોઈએ. પુત્રજન્મમાં કે પુત્રજન્મની સંભાવનામાં અપાર આનન્દ રેલાવવો ને પુત્રીઓ પ્રત્યે કંઈક પૂર્વગ્રહ કે તેના જન્મની સંભાવના પ્રત્યે અણગમો દર્શાવવો એ માનવતા નથી.

આજે આધુનિકતાની મોટી મોટી વાતો કરીએ છીએ, રૂઢિચુસ્તતાને દૂર કરવાની વાતો કરીએ છીએ, સમાજ–ઉત્થાનની વાતો કરીએ છીએ, પણ માનવમનની આ ને આવી સંકુચિતતાઓનો જ્યાં સુધી પરિહાર ન થાય, ત્યાં સુધી સમાજનું ઉત્થાન શક્ય નથી. આપણે હજી એ જ જમાનામાં જીવીએ છીએ, જે જમાનામાં સ્ત્રી–પુરુષના ભેદ હતા. સ્ત્રીને અબળા, પુરુષને આધીન ગણતા હતા. આજે સમય ઘણો પલટાઈ ગયો છે. જ્યાં એક સ્ત્રી આખા દેશનું શાસન કરી રહી છે એ સ્ત્રીશક્તિનું દ્યોતક છે. અને ત્યાં સ્ત્રી ને પુરુષ, પુત્ર–પુત્રીના ભેદ ન હોવા જોઈએ.

વેદોના સમયથી શક્તિની ઉપાસનાનું મહત્ત્વ અનેક રીતે ગણાઈ રહ્યું છે. સ્ત્રીને શક્તિનો અવતાર માનવામાં આવે છે. ખુદ દેવોને પણ સ્ત્રીશક્તિનો આશ્રય લેવો પડ્યો હતો. એટલે સ્ત્રીમાં અનેક શક્તિઓનો ભંડાર છે. એને પુરુષની પ્રેરણામૂર્તિ પણ કહી છે.

આજના જમાનામાં સ્ત્રી અબળા રહી નથી. એણે ઘરની ચાર દીવાલોનું બન્ધન ફગાવી દીધું છે ને સ્વના ઉત્થાન માટે એ ક્યારની ય બહાર પડી ચૂકી છે. પોતાના સ્ત્રીત્વના રક્ષણ–સલામતી માટે એની પાસે પૂરતું આત્મબળ છે, એણે કેળવી લીધું છે, પોતાના હક્કો માટે એ લડી લે છે, લડી શકે છે. જીવનની લાચારીઓ સામે લાચાર ન બનતાં હિંમતથી ઝઝૂમે છે. છતાં આપણા માનસમાં જડાયેલી આવી રૂઢિઓનો પરિહાર કરવાનો છે. પુત્ર–પુત્રીના ભેદને ભૂલી જવાના છે. ને એથી યે વિશેષ દરેક માતા એટલું યાદ રાખે કે પોતે પણ પોતાની જનેતાની કૂખે પુત્રીરૂપે જ અવતરી હતી! એટલું જ નહિ, દરેક દંપતી પુત્ર કે પુત્રીના ભેદભાવ ભૂલી જઈને, તમારા સહવાસ દ્વારા પુત્ર કે પુત્રી – જે જન્મે તેને એવા સંસ્કારોથી વિભૂષિત કરો, તેના ચારિત્ર્યનું એવું ઘડતર કરો કે તેનામાં કોઈક વિલક્ષણ

શક્તિઓ ઉદ્દ્ભવે, વિકસે. તેનું જીવન તેમ જ સંસાર પ્રત્યેક રીતે ઉજ્જ્વળ બને, તેનું માનસ જડ-રૂઢિગત ન બને, ઈશ્વરાભિમુખ બને અને જીવન ને સંસારમાં કંઈક સતકર્મો કરી વિલક્ષણ સિદ્ધિઓ મેળવી નામના કાઢે ને તે દિવસે તમને તમારા પોતાના દામ્પત્ય પ્રત્યે અહોભાવ-પ્રેમાદર જાગશે ને તમારા સર્જન માટે તમે આત્મસંતોષ અનુભવશો ને ત્યારે તમે ઈશ્વરના કૃપાપાત્ર બનશો. તમે તમારી પવિત્ર ફરજ અદા કરી કહેવાશે, સાચી માનવતા દાખવી કહેવાશે! કેવળ બાળકોને જન્મ આપવામાં જ દામ્પત્યની ઈતિશ્રી નથી. બાળકોને જન્મ આપી તેના ચારિત્ર્યનું, તેનામાં સારા-સાચા સંસ્કારનું સિંચન કરી તેને સાચા અર્થમાં-માનવતાથી સભર મનુષ્ય બનાવવો એ જ દામ્પત્યનું કર્તવ્ય છે.

બાળજન્મ, પુત્ર-પુત્રીનો પ્રશ્ન દમ્પતીનો અંગત પ્રશ્ન ગણીએ તો પણ ગર્ભાવસ્થાના પ્રારંભથી જ પુત્ર-પુત્રીના ભેદનો વિચાર કર્યા કરવાથી ગર્ભસ્થ બાળક પર પણ માઠી અસર થવા સંભવ છે. તેનું માનસ ગર્ભમાંથી જ પૂર્વગ્રહ-અભિગ્રહના સંસ્કાર લઈને જન્મશે. એ સંસ્કારજનિત પૂર્વગ્રહો-અભિગ્રહો માતા-પિતા માટે પણ હોઈ શકે, તેમ જ તેનાં સહોદર ભાઈ-બહેન માટે પણ હોઈ શકે. ને ત્યાં કુટુમ્બમાં કોઈને કોઈ સાથે મનમેળ રહેતો નથી. ભાઈ-બહેનોમાં અંદર-અંદર વૈમનસ્ય સર્જાય છે, વ્યક્તિ એકલો પડે છે, એ એકલતામાંથી નિરાશા જન્મે છે ને એમાંથી જીવન ને સંસારની ઘણી સમસ્યાઓ સર્જાવાનો સંભવ રહે છે.

'ઋણુ રે સમ્બન્ધે આવી મળે, સુત, વિત્ત, દારા ને દેહ' – એ ઉક્તિ અનુસાર દરેક વ્યક્તિ એકમેક સાથેના ઋણાનુબન્ધે જ મળે છે. પતિ-પત્ની બાળકો ઋણાનુબન્ધે મળે છે. આ ઋણાનુબન્ધનો ખ્યાલ તો કોઈક સન્ત-સિદ્ધપુરુષને જ આવી શકે.

મારી પાસે અનેક દંપતી સન્તાનપ્રાપ્તિ માટે આશીર્વાદ લેવા આવે છે. માતાજીના આદેશ અનુસાર તેમને હું ગાયત્રી-મંત્રની માળા કરવા જણાવું છું. જીવનજળ આપું છું તેમ જ સાથે માતાજીના સંકેત અનુસાર તેમને જે કંઈ સૂચનો કરું તેનો તેઓએ અમલ કરવાનો રહે છે – પતિ-પત્ની બન્નેએ અથવા હું જેને કહું તેણે. માળા ને જીવનજળ ઉપરાંત આ અન્ય સૂચનોનું મહત્ત્વ ઘણું છે. એટલે એના કડક પાલન પર હું ભાર મૂકું છું. જેઓ માતાજીના એ સંકેતોમાંથી પ્રાપ્ત થયેલ સૂચનોનો અમલ નથી કરતા કે બેજવાબદારી, ઉપેક્ષા કે દુર્લક્ષ સેવે છે તેમને જલ્દી ધાર્યું પરિણામ અનુભવવા નથી મળતું અથવા વિપરીત પરિણામ મળ્યાના દાખલા પણ મોજૂદ છે.

એક દંપતીને ત્રણ બેબી હતી. ફરી ગર્ભ રહ્યો એટલે તેઓ મારી પાસે આવ્યાં. મેં તેમને માળા કરવા કહ્યું ને જીવનજળ આપ્યું, તેમ જ માતાજીના સંકેતથી તે બહેનને મેં રોજ એક કેળું ખાવા કહ્યું. તેમણે કોણ જાણે કેમ, પણ કેળું ન ખાધું તેનો પણ મને સંકેત થઈ ગયો હતો. માતાજીએ તેને સ્વપ્નમાં પુત્રીજન્મનો અણસાર પણ આપી દીધો ને પરિણામે તેને ત્યાં ચોથી પુત્રી જન્મી! પણ એના મૂળમાં કેળું ખાવાનો માતાજીના સંકેતનો અમલ નહોતો કર્યો તે હતો.

પુત્રજન્મની ઝંખના સેવતા એક ભાઈનો કિસ્સો અત્રે પ્રસ્તુત કર્યો છે. આશા છે તેમાંથી બધાં જ દમ્પતી પ્રેરણા મેળવશે.

મુંબઈના શ્રી જગદીશ વ્યાસ લખે છે:

"પ. પૂ. શાસ્ત્રીજી,

આપ મુંબઈ પધાર્યા ત્યારે દર્શન કરવા મારાં ધર્મપત્ની સાથે આવેલ. અઢી વર્ષ પહેલાં સન્તાનમાં છોકરાને બદલે છોકરી આવ્યાથી નિરાશ થઈ ગયેલ – આપના જીવનજળ અને આશિષ છતાં. આથી આપે

કહેલું કે 'માની ઇચ્છા પ્રમાણે છે. અને હવે પુત્ર છે.' તેથી ત્યાર પછી પત્નીને ગર્ભ રહેતાં ટેસ્ટ કરાવ્યા બાદ પણ શંકા રહેતી હતી. જે આપના આશિષ પ્રત્યક્ષ મેળવવા ધર્મપત્નીને વિશ્વાસ વધ્યો, જેના ફળસ્વરૂપે તા. ૨૧ મીની વહેલી પરોઢે, આપના આશીર્વાદથી પુત્રરત્ન પ્રાપ્ત થયું છે. તે બદલ આપનો અંતઃકરણપૂર્વક આભાર માનીએ છીએ. આપના દ્વારા મળેલ મા ગાયત્રીના પ્રેમાળ આશિષ હંમેશ રહે તેવી અભ્યર્થના કરીએ છીએ.

વળી લેડી ડૉકટરે અભિપ્રાય આપ્યો હતો કે ડીલીવરી નોર્મલ નહીં થાય પણ જીવનજળથી કોઈ તકલીફ નહીં પડી ને ઓપરેશન પણ કરવું ન પડયું ને બન્નેની તબિયત પણ સારી રહી. આ આપના આશીર્વાદ નહીં તો બીજું શું ?

મનમાં એક પ્રશ્ન છે જ કે આ અગાઉ છોકરીનો જન્મ કેમ થયો ! પણ હવે આ પુત્રજન્મે, આપના આશિષને કારણે આનંદ ને સન્તોષ છે.

જગદીશ વ્યાસના
સાદર પ્રણામ"

ઈશ્વરની ભક્તિને ને એ ભક્તિની શક્તિને કોઈપણ પ્રકારનાં ભૌતિક મૂલ્યોથી માપવી ન જોઈએ. કારણ ઈશ્વરની લીલા અકળ છે. એની શક્તિઓ અપાર, અનન્ત ને અસીમ છે. પુત્ર–પુત્રી એ આપણો પોતીકો ભૌતિક સુખનો પ્રશ્ન છે, પણ ઉપર કહ્યું તેમ મનુષ્યના ઋણાનુબન્ધે જ તે પ્રાપ્ત થાય છે. વ્યવહારજગતમાં ઘણાં દમ્પતીને બાળકોમાં એક એક પુત્ર–પુત્રી હોય છે, કેટલાકને બે પુત્રી, કેટલાકને બે પુત્રો, એમ દરેકને ત્યાં વિવિધ સ્થિતિ જોવા મળે છે. મનુષ્યની–દમ્પતીની સન્તાન માટેની આ ને આવી અપેક્ષાઓ સ્વાભાવિક છે, પણ એ પરિપૂર્ણ ન થતાં અકળાઈ જવાની કે ઈશ્વરવિમુખ થવાની વાત બરોબર નથી. જીવનમાં આવનાર પ્રત્યેક પરિસ્થિતિમાં માતાજીના કોઈ ને કોઈ સંકેત વાંચી નત–મસ્તકે સ્વીકારી લેવી એ જ પરમતત્ત્વની–મા ગાયત્રીની શરણાગતિનું સાચું હાર્દ છે.

□




પૂ. ગુરુદેવના આશીર્વાદની અભ્યર્થના સહિત

આરતી ટ્રેડર્સ


જનરલ મરચન્ટ

'ભગવતી'

ઉદવાડા – Rs. ૩૯૬૧૮૫

એપ્રિલ ૧૯૮૩.

# પૂજ્ય ગુરુદેવના સાન્નિધ્યની પળોમાં....



જે કોઈ વ્યક્તિ પોતાના ઈષ્ટદેવની શરણાગતિ સ્વીકારી શ્રદ્ધાપૂર્વક તેની ઉપાસના કરે છે, તેની સર્વ સારસંભાળ તે તે દેવ-દેવી પ્રતિપળ લેતા જ હોય છે. પૂજ્ય શ્રી ગુરુદેવ પાસે જે કોઈ વ્યક્તિ આવે છે તેને તેઓ શ્રદ્ધાપૂર્વક ગાયત્રીની શરણાગતિ સ્વીકારી ગાયત્રી-મહામંત્રનો જપ કરવા સૂચવે છે. અને એથીયે વિશેષ મા-બાળકનો સમ્બન્ધ કેળવવા જણાવે છે. કારણ કે માને તો પોતાના બાળકની બધી જ જરૂરિયાતની ખબર છે. મા એની હંમેશ કાળજી લેતી જ હોય એ. ડગમગ ડગમગ ચાલતા બાળકની સાથે-પડછે મા ઊભી જ હોય છે અને એ એની કાળજી લેતી જ હોય છે. કારણ કે ડગમગ ડગમગ ચાલતું બાળક ક્યારે ગબડી પડશે તે કહેવાય નહિ. એથી પા-પા પગલી માંડતા બાળકનું ધ્યાન મા રાખે જ છે.

શ્રદ્ધા ને શરણાગતિથી ઉપાસના કરનારની આંતરચેતના પરમતત્ત્વ સાથે એકાનુસન્ધાન સાધે છે ને હરપળે તેને પ્રેરણા આપી જીવન ઉજ્જવળ બનાવે છે ને તેને અનેક નાના-મોટા અકસ્માતમાંથી બચાવતા રહે છે.

આવી જ આંતરિક પ્રેરણા-એકાનુસન્ધાનથી એક બહેનનો દીકરો અકસ્માતમાંથી ઊગર્યો તેની વાત રજૂ કરી છે.

એક બહેનનો દીકરો રમેશ ધંધાર્થે અવારનવાર અમદાવાદથી મહેસાણા જતો, અને મહેસાણાથી દિલ્હી મેલ દ્વારા અમદાવાદ પાછો ફરતો. આ જ રીતે એક વાર દિલ્હી મેલ દ્વારા અમદાવાદ આવવા ગાડીમાં બેઠો. ગાડી ચાલુ થયા પછી તેને અંદરથી કોઈ 'ઊતરી જા, બેટા, ઊતરી જા' કહેતું હોય તેમ લાગ્યું. ને તે ચાલુ ગાડીએ કૂદી પડ્યો. અને નિયત સમય કરતાં મોડો આવ્યો. માતા-પિતા ચિંતા કરતા જ બેઠા હતા. પણ દીકરાને હેમખેમ ઘેર પાછો આવેલો જોઈ, બધી જ વીગતો દીકરા પાસેથી સાંભળી સર્વે મા ગાયત્રી તેમ જ પૂ. ગુરુદેવને વંદી રહ્યા.

ત્યાર પછી તેઓ ગુરુદેવ પાસે આશીર્વાદ લેવા આવ્યા અને ઉપરોક્ત હકીકત જણાવી. ગુરુદેવે તેમની હંમેશની પ્રણાલી મુજબ આશિષની મુદ્રામાં હાથ ઊંચો કરી, સસ્મિત વદને એટલું જ કહ્યું, 'શ્રદ્ધા અને શરણાગતિ છોડશો નહિ. ગાયત્રી મંત્રના જપ-માળા ચાલુ જ રાખજો.'

*

એક બહેનને ઈ. સ. ૧૯૭૮ના જાન્યુઆરીના શરૂઆતના દિવસોમાં કમળો થયેલો હોવાથી હોસ્પીટલમાં ખસેડેલાં. તેમના કહેવાથી તેમના એક સમ્બન્ધી બહેન ગુરુદેવ પાસે આવ્યાં અને પેલાં બહેનની માંદગી અંગે વાત કરવી શરૂ કરી. પૂ. ગુરુદેવે અડધેથી જ તે બહેનને કહ્યું, સારું, તેમને મારા આશીર્વાદ આપજો. મને બધો જ ખ્યાલ આવી ગયો છે. અને પછી તરત જ પેલા બહેનના મૃત્યુના સમાચાર આવ્યા.

એક વાર ગુરુદેવે આ પ્રસંગ વર્ણવતાં જણાવ્યું હતું કે,

'ભક્તિમય જીવન હોય તો મૃત્યુ પણ સુધરી જાય છે. મૃત્યુ વિશ્વના પ્રત્યેક માનવી માટે અનિવાર્ય છે. તે કોઈને છોડતું નથી. સર્વ સનાતન ને સર્વ વ્યાપક પરમાત્માનું સર્વ સનાતન ને સર્વ વ્યાપક એવું સર્જન તે મૃત્યુ છે. મૃત્યુના નિર્માણ માટે એક યા અન્ય સંજોગો કેવળ નિમિત્ત બને છે, કારણભૂત બને છે. બાકી મૃત્યુની ક્ષણ પ્રત્યેક માનવી માટે નિર્મિત જ હોય છે. મૃત્યુની પીડા ઈશ્વરી સ્મરણથી, સન્તોના આશિષ કે તેમની આધ્યાત્મિક-આત્મિક શક્તિઓ વડે સહ્ય બનાવી શકાય છે કે કદાચ પાછળ ઠેલી શકાય છે. આજનું મૃત્યુ કાલ પર ઠેલી શકાય છે, પણ એ નિર્મિત તો છે જ, મૃત્યુનું નિર્માણ તો છે જ, અનિવાર્ય તો છે જ. મૃત્યુની વેળા જ્યારે નજીક આવી પહોંચે છે, તેનાં સંચિત્ કર્મોની, પ્રારબ્ધ કર્મોની લીલા સંકેલાવાને આરે હોય, માનવીને માટે નિર્માણ થયેલ જીવનકાળ દરમ્યાન, તેણે ભોગવવાનાં કર્મો નાશ પામવાનો સમય આવે ત્યારે, માનવીના જીવનના અન્તનો ઘંટ સંભળાય છે, એ ઘંટનો નાદ માનવીના જીવનની લીલાનું શમન કરીને જ જંપે છે. એ વખતે કોઈ સન્ત-ગુરુની શક્તિ તેને મિથ્યા કરી શકતી નથી. ઈશ્વરીય શક્તિ પણ મૃત્યુના એ નિર્માણને મિથ્યા કરી શકતી નથી. હા, અન્તિમ કાળ અત્યંત સુખદ નીવડી શકે છે, અલૌકિક અનુભવ કરાવી શકે છે કે પરમાત્માના દર્શનની ઝાંખી કરાવી શકે છે કે પછી શરીરની અસહ્ય યાતનાની માત્રા ઓછી કે સહ્ય બની શકે છે, પણ એ તો જીવનને સતત નામસ્મરણથી-ભક્તિના વારિથી સિંચ્યું હોય તો! જેનું જીવન ભક્તિમય છે તેનું મૃત્યુ પણ સુધરી જાય છે.'

પૂજ્ય શ્રી ગુરુદેવ પર અનેક વાચકો-ઉપાસકોના પ્રતિદિન થોકબન્ધ પત્રો આવે છે. પૂ. ગુરુદેવ દરેકના પત્રો ધ્યાનપૂર્વક વાંચે છે, પણ કોઈને જવાબ આપતા નથી. પરન્તુ એ પત્રોમાંથી પ્રેરક અને નોંધપાત્ર લાગે તેવા પત્રો કોઈપણ વ્યક્તિને માર્ગદર્શક રૂપ નીવડે તે આશયથી, પૂ. ગુરુદેવના આદેશથી, અત્રે પ્રગટ કરવામાં આવે છે. અહીં એવા પત્રો પત્રલેખકોના શબ્દોમાં જ રજૂ કરવામાં આવ્યા છે.

*

[ ૧ ]

વલ્લભ વિદ્યાનગરની બી. જે. વી. એમ. કૉમર્સ કૉલેજના પ્રો. એ. પી. પટેલ જણાવે છે :

'પૂજ્ય શ્રી શાસ્ત્રીજી,

આપશ્રી આણંદ પધારેલા તે સમયે મેં આપની મુલાકાત લીધી હતી. મને ખૂબ જ ઊંચા પ્રમાણમાં એસીડીટી હતી, જે એક-એક ચમચી સવાર-સાંજ જીવનજળ લેવાથી, દરરોજ ગાયત્રી-મંત્રની એક માળા કરવાથી અને દરરોજ માત્ર એક કેળું ખાવાના સરળ ઉપાયથી મને ખૂબ જ રાહત થઈ છે. અને એસીડીટી ઉપર ઘણો જ અંકુશ આવી ગયો છે. નિયમિત રીતે હું મા ભગવતી ગાયત્રીની માળા કરું છું. ખરેખર, મને તો આ અતિ અલૌકિક લાગે છે, કારણ કે ઘણા જ ઊંચા પ્રકારની દવાઓ કરવા છતાં, ઘણા પૈસા ખર્ચવા છતાં, જેનાથી ફાયદો ન થયો, તે એક સરળ ઉપાય કરવાથી રાહત જણાઈ !

ફરી અમદાવાદ આપનાં દર્શને આવીશ.'

એ જ

**એ. પી. પટેલ**

*

[ ૨ ]

## સ્વપ્નમાં પૂજ્ય ગુરુદેવનાં દર્શન

અમદાવાદનાં લલિતાબહેન જશવંત કાયસ્થ લખી જણાવે છે :

'પરમ પૂજ્ય શ્રી શાસ્ત્રીજી,

મને સ્વપ્નમાં આપનાં દર્શન થયાં. તે આપની જાણ સારુ અત્રે લખી મોકલું છું.

તમારો હાસ્ય વેરતો, આનંદિત ચહેરો, સફેદ માળા અને આછા રતાળુ રંગનો આછો ચળકતો ઝભ્ભો, સફેદ પાયજામા સાથે તમો પોતે ચિ. રેખાના પપ્પા સાથે વાતચીત કરતા હતા. અચાનક હું આવી પહોંચી. ખૂબ આશ્ચર્યથી હું બોલી ઊઠી, અહો, પૂ. શાસ્ત્રીજી આજે આપણે ત્યાં ક્યાંથી ? તમો મન્દમન્દ હસ્યા, ત્યાર પછી અમારે ત્યાં સાદું ભોજન લીધું. દાળ, ભાત, શાક અને રોટલી જમ્યા. અમારા પાણિયારેથી તમોએ પોતે સ્વહસ્તે પાણી પીધું ! પછી એક ઊંચા આસન ઉપર આપને બેઠેલા જોયા. અમો ઘરનાં સર્વ કંકુ લઈ ચાંલ્લો કરી પગે લાગવા આવ્યા. તમોએ મૌનમાં જ ચાંલ્લો કરવાની ના પાડી. અમો ઘરના સર્વ આપને પગે લાગ્યા. હું આવી પગે લાગી. આપશ્રીના હાથમાં કંઈક વસ્તુ હતી. તે વસ્તુ મને આપવા માંડી. મેં હાથ લંબાવ્યો. આપે મૌન ચાલુ રાખી હાથની નિશાનીથી એ વસ્તુ હાથમાં ન લેતાં ખોળામાં લેવા કહ્યું. મેં આપના કહ્યા મુજબ ખોળો પાથર્યો. તમે કંઈક ઊંચેથી મારા ખોળામાં મૂક્યું.

તે જ સમયે દૂધવાળાના આવવાથી સ્વપ્ન તૂટ્યું. નિદ્રા તૂટી ને આંખ ઊઘડી ગઈ. સવારના પોણા છ વાગ્યા હતા અને તે દિવસે વસંતપંચમી હતી.

□

# આધ્યાત્મિક કેડી : પુરશ્ચરણના ભીતરમાં

[ ૧૯૮૨ ના એપ્રિલ-દ્વિતીય અંકથી 'આધ્યાત્મિક કેડી : પુરશ્ચરણના ભીતરમાં' શીર્ષક હેઠળ પુરશ્ચરણના અનુભવોનું આલેખન પ્રગટ થઈ રહ્યું છે. કોઈપણ વાચકને વાચનનો તન્તુ જળવાઈ રહે તેમ જ તેમાંથી યત્કિંચિત્ પ્રેરણા તેમ જ માર્ગદર્શન પ્રાપ્ત થાય તેવા આશયથી અગાઉનાં ચાર પ્રકરણોનો ટૂંકસાર-આછો ખ્યાલ અત્રે આપ્યો છે.
—સમ્પાદક ]

**પુરશ્ચરણના** આલેખનની પૂર્વભૂમિકા રૂપે પ્રારમ્ભમાં ગાયત્રીની દૈનિક ઉપાસના તેમ જ પુરશ્ચરણ અંગેની પ્રાથમિક માહિતી આપી, પ્રથમ પ્રકરણની શરૂઆત થાય છે.

[ ૧ : પૂ. શ્રી શાસ્ત્રીજીની મુલાકાત ]

પુરશ્ચરણ કરનાર ભાઈ શ્રી ચમ્પકભાઈને પુરશ્ચરણના પ્રારમ્ભના ત્રણેક લાખ મંત્રજપ કર્યા પછી અત્યંત ભયંકર-બિહામણાં દશ્યો દેખાવા લાગ્યાં. તેઓ એકદમ અકળાઈને મૂંઝાવા લાગ્યા. તે અંગે કોઈક નિરાકરણ મેળવવા સગા-સમ્બન્ધી વગેરેને પૂછપરછ કરી, પણ કોઈ પાસેથી સંતોષકારક જવાબ ન મળ્યો. એવામાં જ આકસ્મિક પૂ. શ્રી શાસ્ત્રીજીનો એક લેખ વાંચતાં તેઓ ગુરુદેવને મળ્યા. બધી જ હકીકતો જણાવી. પૂ. ગુરુદેવે તેમની હંમેશની પ્રણાલી અનુસાર આશીર્વાદ આપી જણાવ્યું કે 'ભાઈ, ડરશો નહિ, ઉપાસના ચાલુ રાખો.'

પૂ. ગુરુદેવના આશીર્વાદ લઈને જપ ચાલુ રાખ્યા. થોડીક સ્વસ્થતા પછી ફરી પાછો એ જ ગભરાટ ને મૂંઝવણો શરૂ થઈ ગયાં, તેનું આલેખન દ્વિતીય પ્રકરણમાંથી મળશે.

[ ૨ : મંત્રજપ વેળાનો ગભરાટ ]

તૃતીય પ્રકરણમાં જપ વેળા ધ્યાનમાં પૂ. ગુરુદેવનાં દર્શન થાય છે અને ભાઈશ્રી ચમ્પકભાઇને માર્ગદર્શન ને આશીર્વાદ આપી પુરશ્ચરણને-મંત્રજપને વેગવાન ને આનન્દજનક બનાવી રહ્યા છે.

[ ૩ : ધ્યાનમાં પૂ. શ્રી શાસ્ત્રીજી ]

ચોથા પ્રકરણમાં વ્યગ્રતા, મૂંઝવણો અને ગભરાટનો અન્ત આવ્યો હતો. ચિત્ત શાંત, સ્વસ્થ ને પ્રસન્ન જણાતું હતું. જે અનુભવો થતા તે પૂ. ગુરુદેવને લખીને જણાવતા. પૂ. ગુરુદેવનાં દર્શન કરવા જતા મન ધન્યતાનો અનુભવ કરતું હતું, કારણ પૂ. ગુરુદેવની પ્રેરણાનો પ્રવાહ અવિરત ચાલુ હતો.

[ ૪ : ગુરુની પ્રેરણા ]

* * *

## ૫ : દિવ્યસૃષ્ટિનું દર્શન

### * રાતી ઝાંય પાથરતો દૈવનિમય પ્રકાશપુંજ ઝગારા મારતો આખા ઓરડામાં પથરાઈ ગયો હતો !

### * હારમાં સંચાર પામતાં તાલબદ્ધ કંપનો

**શ્રદ્ધા** ને શરણાગતિની પાર્શ્વભૂમાં ઉદ્ભવતું ઉપાસનાનું આખું ક્ષેત્ર અલૌકિક, દિવ્ય ને અગમ્ય હોય છે. તર્ક ને બુદ્ધિની પેલે પાર ઉપાસનાનું ક્ષેત્ર આકાર પામતું હોય છે. એટલે

સહજપણે જ એના અનુભવો અતિ અલૌકિક, દિવ્ય ને અગમ્ય હોય છે. ઉપાસનાનો દૈનિક ક્રમ હોય કે ચોક્કસ પ્રકારનું આયોજન હોય, ઉપાસકને દિવ્ય ને અલૌકિક અનુભવો થતા રહે છે. કોઈક રહસ્યમય ઘટનાની આસપાસ અન્ય અનેકવિધ રહસ્યમય બનાવો બનતા રહે, ને મૂળભૂત રહસ્યને અન્તે સ્ફુટ કરી આપે, તેમ પરમતત્ત્વનાં પરમ રહસ્યો ઉપાસકને પરમતત્ત્વમાં વધુ ને વધુ જિજ્ઞાસાનો ઉદ્ભવ કરાવવા માટે અનેકવિધ રહસ્યમય, અલૌકિક અનુભવો કરાવતાં રહે છે. એ કેવળ અનુભવગમ્ય ને આસ્વાદ્ય જ હોય. એનું યથાતથ આલેખન શક્ય ન બને.

પ્રસ્તુત પ્રકરણમાં પણ પુરશ્ચરણ દરમ્યાન અતિ દિવ્ય, અલૌકિક ને રહસ્યમય લાગતા અનુભવોનું આલેખન કર્યું છે, જે વાચકોને–ઉપાસકોને પણ ઉપાસના પ્રતિ વળવા જિજ્ઞાસા પ્રેરશે કે ઉપાસના પ્રતિ વળેલા મનુષ્યોને–ઉપાસકોને આસ્વાદ્ય ને પ્રેરક નીવડશે.

ભાઈશ્રી ચમ્પકભાઈ તેમના અનુભવો વર્ણવતાં કહે છે કે,

'સંક્ષુબ્ધતા–વેદના–ગભરાટના વર્ચસ્વનો હવે અંત આવ્યો હતો. ઉપાસનાની અનુભૂતિઓએ એક વિલક્ષણ વળાંક લીધો હતો. હૈયે કોઈક જુદી જ હામ આવીને બેઠી હતી. એક અજબ પ્રકારની સ્વસ્થતાનું સામ્રાજ્ય ફેલાયું હતું. મંત્રજપમાં સંપૂર્ણ એકાગ્રતા સધાઈ હતી. ધ્યાનમગ્ન બની જવાતું હતું. કોઈક અલૌકિક દિવ્યાનંદમાં સમગ્ર અસ્તિત્વ ખોવાઈ જતું હતું. મા ગાયત્રી સાથે તન્મય થતો જતો હતો. કોઈ દિવ્ય સૃષ્ટિનાં દર્શન થતાં હતાં.

તા. ૨૯–૧૨–૭૬ (દૈવી નવરાત્ર)માં ક્રમાનુસાર મંત્રજપ કરી રહ્યો હતો ત્યારે દરરોજ કરતાં આજની અનુભૂતિઓ કંઈક વિલક્ષણ હતી. પૂરેપૂરી એકાગ્રતાથી ચિત્તમાં મીઠા ને મંજુલ સ્વરે જપ ચાલતા હતા. છેલ્લા બે દિવસથી મંત્રજપ કરતાં અલૌકિક સૃષ્ટિનું દૃષ્ટિ સમક્ષ અવતરણ થતું. મંત્રજપમાં સરસ રમઝટ જામતી હતી! વિભિન્ન પક્ષીઓના મીઠા કલરવ થતા હતા. મંત્રોચ્ચાર સાથે તાલબદ્ધ–લયબદ્ધ શંખનાદ ને ઘંટારવ શ્રવણેન્દ્રિયને અનેરી અનોખી આહ્લાદકતા અર્પતા હતા. મારા કર્ણપટલ પર ઝાંઝરનો ઝીણો–ઝીણો, મીઠો અવાજ બે–વાર અથડાતાં આખા ય અસ્તિત્વમાં આનન્દનાં સ્પંદનોની ધ્રુજારી પસાર થઈ જતી હતી. ત્યાર બાદ મંદ અવાજે સિંહગર્જનાનો પ્રારંભ થયો ને ક્રમશઃ એ અવાજ મોટો થતો ગયો. એ જ અવાજની ગતિમાં અચાનક ત્રણ–ચાર વખત મેઘગર્જના મોટા અવાજે ગાજી ઊઠી. પછી તો તોફાની વરસાદનું વાતાવરણ ફેલાયું હોય એમ વીજના ઝબકારા, વાદળોના ગડગડાટ ને કડકડાટ સાથે તોફાની વરસાદની વર્ષા થતી હોય એવો અનુભવ થયો.

મંત્રજપની સાતમી માળાના મણકા ક્રમબદ્ધ ફરી રહ્યા હતા. મારું ચિત્ત માતાજીના ધ્યાનમાં લીન બન્યું હતું. એ જ સમયે મેઘગર્જના જેવા ઘોર અવાજ સાથે કોઈ હવાઈપરી જેવી દૈવી આકૃતિ ભમરાની જેમ ત્વરાથી ચક્કર–ચક્કર ભમતી ને ઊડતી ઊડતી મારા માથા પાસેથી પસાર થઈ ગઈ ને દેવસ્થાનમાં ચડાવેલા હારમાં સમાઈ ગઈ! તે સાથે જ એ હારમાં ધ્રુજારી પેદા થઈ! આખું યે દેવ-સ્થાન જાણે હાલકડોલક થવા લાગ્યું. મંત્રજપનો લય ઝડપી બન્યો. અવાજ મોટો થયો. શરીરમાં કોઈક એવી ગતિનો સંચાર થયો જેનું મને કોઈ ભાન નહોતું. મારા શરીરમાં શું થાય છે તે હું જ સમજી શકતો નહોતો. મારી આસપાસ રતાશ ઝાંય પાથરતો ધ્વનિમય પ્રકાશપુંજ ઝગમગ–ઝગમગ થતો વીંટળાયેલો લાગ્યો. આ પ્રકાશપુંજ નીચેથી સાંકડો અને ઉપર જતાં વિકસિત થઈને આખા ઓરડામાં પથરાઈ જતો હતો. મારી સંપ્રજ્ઞાત ચેતના જાણે લુપ્ત થઈ ગઈ હોય એવું લાગતું હતું. આશ્ચર્યચકિત થઈને મંત્રજપ કરતાં કરતાં આ આખા યે પ્રસંગને હું વિલોકી રહ્યો હતો. મારા જીવનનો આ ઉત્તમ

ને મહામૂલો પ્રસંગ દોઢ મિનિટ સુધી નિહાળ્યા કર્યો છે, અનુભવ્યો છે ને એ માથે ચિત્ત દિવ્યાનન્દમાં જાણે લીન બની ગયું હતું.

મારું શરીર ક્રમશઃ મૂળ અવસ્થા પ્રાપ્ત કરી રહ્યું હતું. પૂરી સભાનતા ને સ્વસ્થતા પછી પણ મેં મંત્રજપ ચાલુ જ રાખ્યા. હજીયે પેલા હારની ધ્રુજારી યથાવત્ હતી. નવ માળા પૂરી કર્યા બાદ નિયમાનુસાર વિસર્જન મંત્ર બોલ્યો. અચાનક હારનાં કંપનો વધી ગયાં. વિસર્જન કર્યા પછી મા ગાયત્રીનાં ચરણોમાં પ્રણામ કરી ક્ષમાપ્રાર્થના કરી ઊભો થયો. હજી યે દીવાઓ પ્રજ્વળતા જ હતા. હારનાં કંપનો હજી યે ચાલુ જ હતાં. તેથી એનું બારીકાઈથી નિરીક્ષણ કરતો ઘણો વખત ત્યાં જ બેસી રહ્યો ને આનન્દ માણતો રહ્યો.

એક દીવાની પ્રજ્વળતી જ્યોત સંકેલાઈ ગઈ. હારની કંપનગતિ મંદ પડી ! બીજા દીવાની જ્યોત સંકેલાતાં હારમાં સ્થિરતા આવી !

બીજે દિવસે યથાનિયમ દીવા પ્રગટાવ્યા તે સાથે જ બંને હારમાં ગતિ આવી. સંધ્યાકાળે પણ દીવા પ્રગટાવતાં જ હારનાં કંપનો ફરી પાછાં શરૂ થયાં. આજે પણ દીવા પ્રગટાવતાં હાર ધ્રૂજ્યા કરે છે, હાલ્યા કરે છે. સવાર કરતાં સંધ્યા સમયે હારમાં વધુ તાલબદ્ધ ગતિમાં કંપનો આવે છે. દીવામાં ઘી ખૂટતાં કે જ્યોત સંકેલાવાનો સમય નજીક આવતાં હારનાં કંપનોની માત્રામાં આશ્ચર્યજનક રીતે વૃદ્ધિ થાય છે. દીવાની જ્યોતને સળી વડે અડપલું કરતાં જ હાર વધુ ધ્રૂજી ઊઠે છે. એટલું જ નહિ, દીવા સહેજ આઘાપાછા કરતાં પણ હાર વધુ હાલી ઊઠે છે.

નવરાત્ર પૂરા થતાં નવા હાર ચઢાવ્યા. નવા હાર પણ ધીમે ધીમે કંપનની પૂર્વગતિએ જ કંપવા લાગ્યા. ત્યારબાદ મેં ત્રણ હાર બદલ્યા છતાં હારની હલન-ચલન ક્રિયા ચાલુ જ રહી છે. પાછળથી મા ગાયત્રીના ફોટાને સુખડનો હાર ચઢાવ્યો. આ હાર આગળના હાર કરતાં સહેજ ધીમી ગતિએ હાલવા લાગ્યો પરન્તુ ક્રમશઃ એના કંપનમાં પણ વૃદ્ધિ થતી ગઈ ને માની કૃપા વરસી હોય એમ મંત્રજપમાં પણ ગતિ આવતી ગઈ.

ઘણા દિવસના અનુભવ બાદ મને સ્પષ્ટ સમજાયું કે પૂ. શાસ્ત્રીજી અને અમારા ઇષ્ટદેવ શ્રી સહજાનંદ સ્વામી મહારાજના બે દીવા પ્રજ્વળતા હોય તે દરમ્યાન જ હારમાં સંવેદનાનો સંચાર થાય છે. એમાંથી ગમે તે એક દીવાની જ્યોત સંકેલાઈ જાય તો હારનાં કંપનોમાં મંદતા આવે છે ને બંને દીવાની જ્યોત સંકેલાઈ જતાં હારમાં સ્થિરતા આવે છે.

આ બધા જ અનુભવો શબ્દમાં વ્યક્ત કરી શકાય એમ નથી પણ એને યથાતથ રૂપે પૂ. શાસ્ત્રીજી સમક્ષ રજૂ ન કરી શકાય તેથી એ અનુભવોનું યત્કિંચિત્ આલેખન કરીને પૂ. શાસ્ત્રીજીના હાથમાં સોંપ્યું. પૂ. શાસ્ત્રીજી આ પ્રસંગો વાંચીને ખૂબ આનંદી ને સંતોષી લાગ્યા. એટલું જ નહિ, એઓ આ પ્રસંગથી પહેલેથી જ માહિતગાર હોય એવી એમના ચહેરાના ભાવો પરથી પ્રતીતિ થઈ. તેઓ કંઈક લાગણીવશ જણાયા. હું પણ લાગણીવશ થઈ ગયો હતો. માની કૃપા અપરંપાર છે, પણ ગુરુકૃપા અતિ ઉત્તમ છે. આ મુલાકાત વેળાનું વર્ણન કરવું મુશ્કેલ છે. હૃદય આનન્દથી પુલકિત હતું. હું ખૂબ સંતોષ અનુભવી રહ્યો હતો.

મા ગાયત્રીની કૃપા અને ગુરુના આશીર્વાદનું અવતરણ કેવા સ્વરૂપે થાય છે તેનો આ પ્રત્યક્ષ પુરાવો છે. મા ગાયત્રીની સમીપ જવા ગુરુની કૃપા આવશ્યક છે. મા ગાયત્રી અમને વધુ ને વધુ

સાધનાશક્તિ અર્પે એવી અંતઃકરણપૂર્વક વિનમ્ર પ્રાર્થના. ઉત્સાહ અને પ્રેરણા આપતા પૂ. શાસ્ત્રીજીના દર્શનનો લાભ સતત મળતો રહે એવી અભ્યર્થના સહિત ગુરુદેવને વન્દન !'

× × ×

પૂ. શ્રી શાસ્ત્રીજી વારંવાર કહે છે અને અહીં આ પ્રકરણમાં ઇષ્ટદેવ શ્રી સહજાનન્દ સ્વામીનો ઉલ્લેખ પણ દર્શાવે છે કે પોતાના કોઈપણ ઇષ્ટદેવ કે સમ્પ્રદાયના અનુસરણની સાથે પણ ગાયત્રી-ઉપાસના કરી શકાય છે. કારણ કે ગાયત્રી-મંત્ર એ તો આદિ મંત્ર છે. એમાંથી જ ચારે વેદોની રચના થઈ છે. તેથી એ વેદજનની કે વેદમાતા કહેવાય છે. એ વેદમાતાનો, આદિ મન્ત્ર ગાયત્રીના જપ દ્વારા જેમણે સાક્ષાત્કાર મેળવ્યો છે, તેવા ગુરુદેવ પૂ શ્રી શાસ્ત્રીજીના આશીર્વાદ, માર્ગદર્શન ને છત્રછાયા હેઠળ ગાયત્રી-પુરશ્ચરણ જેવી અતિ મહાન ને દુષ્કર એવી ઉપાસના તે ઉપાસકને માટે કેટલી બધી કલ્યાણકારક નીવડે તે સમજી શકાય તેવી વાત છે. અને એટલે જ ગુરુની કૃપા અતિ મહાન છે, કે જેમના દ્વારા પરમતત્ત્વની-ઈશ્વરની-મા ગાયત્રીની આ ને આવી નાની-મોટી આરાધના કરી શકાય છે, એ આરાધના દ્વારા પરમતત્ત્વની સમીપ પહોંચી શકાય છે. ગુરુની કૃપા ને તેમનું માર્ગદર્શન, તેમના આશીર્વાદ જ પરમતત્ત્વની કૃપાના, અસ્તિત્વના આ ને આવા અનેક દિવ્ય ને અલૌકિક અનુભવો કરાવી શકે છે, તેનો આ પુરાવો છે.

□


Processors of Sarees and Dress Materials

**Plain and Printed**

**Polyester American, Crimp Polyester, Dani Chiffon**

**Crimp Voil, Crimp Woolly, Crimp Chiffon and American Dyed.**

**Quality & Class Printers**

# BHARUCHA & SONS

**Dyeing Printing & Finishing House**

Plot No. 207, 'A' Road, G. I. D. C.

**PANDESARA** ( Dist. Surat. )

Phone : Resi. : 25646, 36946 □ Phone : Offi. : 88704, 88705

# સૂક્ષ્મ રૂપે મૂકેશને ઘેર

ધર્મના અભ્યુદય માટે, વિશ્વના નવસર્જન માટે ઈશ્વરે અવતાર ધારણ કરવાનું વચન શ્રીમદ્ ભગવદ્‌ગીતામાં આપ્યું છે, તે આપણે સૌ જાણીએ છીએ. પરમાત્મા પોતે અવતાર ધારણ કરતાં પહેલાં પોતાના દૂતોને ઈશ્વરીય વાતાવરણના નિર્માણ માટે મોકલે છે. ઈશ્વરના એ દૂતો ઈશ્વરીય ઉપાસનાનું-ભક્તિના માહાત્મ્યનું નિદર્શન કરી ઈશ્વરીય વાતાવરણ નિષ્પન્ન કરે છે. ઈશ્વરના અસ્તિત્વની જનમાનસમાં પ્રતીતિ જન્માવે છે. જનમાનસમાં ઈશ્વરપ્રેમનો પ્રાદુર્ભાવ કરે છે-ઈશ્વરની અગૂઢ લીલાઓ ને અખૂટ-અસીમ શક્તિઓના જોરે. ઈશ્વરના દૂતો-સન્તો ઈશ્વર પાસેથી અનન્ત શક્તિઓનો ભંડાર લઈને જ પૃથ્વી પર અવતાર ધારણ કરે છે એટલે તેમની શક્તિઓ-સામર્થ્ય વિશે કોઈ શંકા રહેતી નથી.

ઈશ્વરની શક્તિ ને લીલાઓના સાક્ષાત્ સ્વરૂપ સમાન સન્તોના આદેશ ને માર્ગદર્શનને અનુસરવા, તેનો અમલ કરવા મનુષ્યને માટે ઈશ્વરમાં સમ્પૂર્ણ શ્રદ્ધા ને શરણાગતિ અનિવાર્ય આવશ્યક બની રહે છે. એ શ્રદ્ધા અને શરણાગતિની પાર્શ્વભૂમાં રહીને જ ઉપાસક ઈશ્વરના-પોતાના ગમે તે ઈષ્ટ આરાધ્ય પરમતત્ત્વના પ્રેમના-ઈશ્વરના અસ્તિત્વના અનુભવો કરીને અલૌકિક આનન્દ મેળવી શકે છે.

પૂ. શાસ્ત્રીજી માતાજીના દૂત છે ને માતાજીના આદેશ ને પ્રેરણાબળથી એક વિરલ કાર્ય કરી રહ્યા છે, જેનાથી આપણે બધા જ સુવિદિત છીએ.

શાસ્ત્રીજી માતાજીના આદેશ વિના કોઈને ઘેર જતા નથી. તેમના સાન્નિધ્યમાં આવનાર ઘણા ઉપાસકો પૂજ્ય શ્રી ગુરુદેવ પ્રત્યેના અપાર સ્નેહથી પ્રેરાઈને પોતાને ઘેર તેમનાં પુનિત પગલાં પાડવા કહે છે. પણ માતાજીના આદેશ વિના કોઈને ઘેર ન જતાં ગુરુદેવ તે સર્વને પ્રત્યુત્તરમાં કેવળ મૌન ને સ્મિત વાળે છે. તો કેટલાકને વળી પૂજ્ય ગુરુદેવને પોતાને ત્યાં બોલાવવાની ઘણી હોંશ-ઇચ્છા હોવા છતાં સંકોચને કારણે ગુરુદેવને આમંત્રણ આપી શકતા નથી, ને મીઠી મૂંઝવણનો અનુભવ કરે છે.

પણ ?...

પણ ભગવાન તો ભક્તને આધીન હોય છે. તે તો અંતર્યામી કહેવાય છે. ભક્તના હૃદયની ઇચ્છાઓ, આકાંક્ષાઓ, તેના સમગ્ર મનોવ્યાપારો ભગવાન સુપેરે જાણી જાય છે ને પછી અજ્ઞાત રહીને, ભક્તને પોતાના સ્મરણમાં લીન બનાવીને ભક્તના હૃદયની અપેક્ષાઓ પરિપૂર્ણ કરીને, અન્યત્ર પોતાની લીલા આદરવા ચાલ્યો જાય છે. એની લીલાઓને કોણ પામી શક્યું છે ?

ઈશ્વર અને ઈશ્વરના સંદેશવાહકોનો ( જો કે આમ તો બન્ને એક જ કહેવાય ) પ્રેમ માનવી પર અવિરત વરસવા માંડે છે ત્યારે સંપ્રજ્ઞાત કે અસંપ્રજ્ઞાતપણે—જાણ્યે કે અજાણ્યે—માનવીની-ઉપાસકની ચૈતસિક ભૌમકા પર ઈશ્વરીય સ્મરણની સરવાણીઓ નિરંતર લહેરાતી થઈ જાય છે અને સ્મરણની નિરંતર સરવાણીઓ દ્વારા ભક્ત ભગવાનની સૂક્ષ્મ ઉપસ્થિતિનો, તેની પ્રત્યક્ષ પ્રસાદીનો અલૌકિક, વિરલ અને આહ્‌લાદક અનુભવ કરી રહે છે.

અત્રે આવો જ એક પ્રસંગ પ્રસ્તુત કર્યો છે.

મુંબઈના શ્રી મુકેશ વ્યાસ લખી જણાવે છે:

'પરમ પૂજ્યશ્રી ગુરુદેવ,

કોટિ કોટિ વંદન.

તમને આજે કાગળ લખતાં ઘણો જ આનન્દ થાય છે. ઘણા વખતથી દિલમાં એક ઇચ્છા હતી, જે તમને કહી નહોતો શકતો, જે મનમાં ને મનમાં રહી જતી હતી. છતાં તમે તે પરોક્ષ રીતે છતાં પ્રત્યક્ષની જેમ આશીર્વાદ આપ્યા તે જાણી ઘણી જ ખુશી થઈ છે.

વાત એમ છે કે મને ઘણીવાર થતું હતું કે પૂ. ગુરુજી મુંબઈ મુલાકાતે આવે છે તો તેમને એક વખતે ઘરે આવવાનું આમંત્રણ આપું અને મારા નાના સરખા ઘરમાં ગુરુજીને બોલાવીને ઘર પાવન કરાવું, પણ તમને વાત જણાવી નહોતો શકતો અને આપનો ચરણસ્પર્શ કરી આશીર્વાદ લઈને ચાલ્યો જતો હતો. પણ દિલમાં તમને આમંત્રણ આપવાનું ન કહી શકવા બદલ અફસોસ પણ તેટલો જ થતો હતો.

તા. ૨૬મી જૂન, ૧૯૮૨ની રાતની આ વાત છે. હું અને મારી પત્ની દર્શના બન્ને વાતો કરતા હતા, ત્યારે રાત્રે ૧૨ની આસપાસનો સમય હશે. તે બીજી વાતના વિચારમાં હતી, પણ તેના મુખમાંથી ગાયત્રી-મંત્ર સમ્પૂર્ણપણે બોલાયે જતો હતો, જે તેના કહેવા પ્રમાણે પહેલી જ વાર ત્રિપદા ગાયત્રી-મંત્ર બોલાતો હતો. થોડીવાર આમ મંત્ર બોલ્યે જતી હતી, ત્યાં તેને અચાનક ખ્યાલ આવ્યો કે તે તો ગાયત્રી-મંત્ર બોલે છે. મને કહે, 'આમ અચાનક મારા મોઢામાંથી ગાયત્રી-મંત્ર કેવી રીતે બોલાવા લાગ્યો?'

મેં કહ્યું, 'ગુરુજી આપણા પર ખુશ હશે. કાલે સવારે કંઈ સારા સમાચાર મળશે એવું મને લાગે છે.' એમ તમારું સ્મરણ કરતાં સૂઈ ગયાં.

સવારે જ્યારે હું પૂજા કરવા બેઠો અને નિયમાનુસાર રોજની ગાયત્રીની માળા કરવા જતો હતો ત્યાં અચાનક મારી નજર તમારા ફોટા પર પડી. અને જોતાંની સાથે જ આશ્ચર્યનો પાર ન રહ્યો. થોડો વખત મૂંઝાઈ ગયો કે આ શું? જે બનાવ બન્યો તે શક્ય છે? કેવી રીતે થયું હશે? ઘણા વિચારો આવ્યા પછી થયું કે કદાચ ઘરની કોઈ વ્યક્તિ પૂજા કરવા બેઠી હશે ને પૂ. ગુરુજીના ફોટાની ચારે બાજુ કંકુના ચાંલ્લા કર્યા હશે, એમ ધારીને બધાને પૂછ્યું તો બધાએ નકારાત્મક જવાબ આપ્યો.

નવાઈની વાત એમ છે કે તમારો ફોટો જે મંદિરમાં મૂક્યો છે તેના પર માટી ન લાગે અને કચરો ન લાગે ને ફોટો બગડી ન જાય તેથી તમારા ફોટાને પ્લાસ્ટીકનું સરસ કવર કરીને ટેપ મારીને ગાયત્રી માતાના ફોટાની બાજુમાં મૂકી દરરોજ પૂજા કરીએ છીએ. રોજ માળા કરતી વખતે આપને સાક્ષાત્ બિરાજેલ માની તમારાં દર્શન કરી સ્મરણ કરું છું.

આમ, સફેદ પ્લાસ્ટીકના કવરમાં બન્ધ કરેલા તમારા ફોટામાં તમારા ચહેરા ઉપર કંકુના ચાંલ્લા હતા અને ફોટાની કિનારીઓ પર કંકુની નાની નાની છાંટ હતી. જ્યાં અમે કદી પણ અગરબત્તી કરતા જ નથી, કારણ કે ત્યાં અગરબત્તી રાખવાની જગ્યા જ નથી, તેથી દૂર અગરબત્તી કરીએ છીએ, છતાં તમારા ફોટાની બાજુમાં નીચે અગરબત્તી સળગી હોય તેમ કાળો બળેલો નાનો ભાગ ઉપરથી દેખાતો હતો.

મેં તરત જ દર્શનાને બોલાવી ને કહ્યું કે કાલે રાત્રે અચાનક મંત્ર બોલવાનું કારણ પૂછતી હતી ને મેં કહ્યું હતું ને કે કાલે કોઈ સારા સમાચાર મળશે. તે આ રહ્યા એ સમાચાર, પૂ. ગુરુદેવના આશીર્વાદના. હું તો ખૂબ જ ખુશ થયો. મને થયું કે ગુરુજીએ પ્રત્યક્ષ નહીં તો પરોક્ષ રીતે પણ ઘેર આવીને ઘર પાવન કર્યું!

મેં તરત જ ચીકુનો પ્રસાદ ધરાવ્યો. તેનો સ્વાદ પણ કંઈક અલગ જ હતો. સરસ સુગન્ધ આવતી હતી!

તમારા આશીર્વાદ તથા પ્રેમ હંમેશ મળતા રહે તેવી મા ગાયત્રી પાસે પ્રાર્થના કરું છું. મને સારા માર્ગે રાખે તથા સારા વિચારો આપે તેવી તેમને વન્દન સાથે ઇચ્છા વ્યક્ત કરું છું. એ જ.

લિ૦ મૂકેશના પ્રણામ

□

# ચિત્રકેતુ

માટીનું આ માનવપ્રાણી, માટીની આ દુનિયા !
માટી પર માટીના હકથી, ગભરાવું શીદ, ભયા ?

ચિત્રકેતુ કરીને એક રાજા હતો. તેને ઘણી રાણીઓ, પણ એકે રાણીને સંતાન નહોતું. આથી રાજા બહુ ઉદાસ રહેતો હતો. નસીબ જોગે ઘડપણમાં રાજાને એક દીકરો થયો. એ દીકરાને જન્મ દેનારી રાણી તરફ સ્વાભાવિક રીતે રાજાને વધારે પ્રીતિ થઈ. આથી બીજી રાણીઓને તે રાણીની અદેખાઈ આવી. તેમણે સંતલસ કરી એ બાળકુંવરને ઝેર ખવડાવી દીધું. છોકરો મરી ગયો.

એકના એક બાળકુંવરનું મૃત્યુ થયાના સમાચાર સાંભળી રાજાના શોકનો પાર ન રહ્યો. તે માથાં કૂટવા લાગ્યો, વાળ વીંખવા લાગ્યો ને પહોંચા કરડવા લાગ્યો. બધે ત્રાસ ત્રાસ થઈ રહ્યો.

નારદે આ સમાચાર સાંભળ્યા. તેમને ચિત્રકેતુની દયા આવી, એટલે એ એને દિલાસો આપવા માટે આવ્યા.

નારદે પૂછ્યું, 'હે રાજા! તુ કોનો શોક કરે છે?'

રાજાએ કહ્યું, 'મારા બાળકનો'.

'કયો બાળક?'

રાજાએ બાળકનું મૃત શરીર બતાવીને કહ્યું : 'જે આ શરીરમાં હતો તે!'

'આ શરીર બાળક હતું કે આ શરીરમાં હતો તે બાળક હતો?' નારદે કહ્યું.

'આ શરીર બાળક હતું'. રાજાએ કહ્યું.

'ત્યારે તો આ શરીરનો તું શોક કરે છે એમ ઠર્યું'. નારદે કહ્યું.

રાજાએ કહ્યું : 'આ શરીર? ક્યાં શરીર છે! આ તો શબ છે. હું શબનો શોક નથી કરતો. પણ એ શબમાં જે ચેતનરૂપે હતો, તેનો શોક કરું છું'.

નારદે કહ્યું : 'ઓહ! એનો તુ શોક કરે છે! ત્યારે તો તારા સમજ્યા મુજબ એને કાંઈ દુઃખ પડયું હોવું જોઈએ'.

રાજાએ તરત કહ્યું : 'હાસ્તો. બિચારાને આવડી ઉંમરે ઝેર ખાવું પડયું, ને ઝેર ખાઈને મરવું પડયું. એ દુઃખ નહિ તો બીજું શું? એણે મારે ત્યાં આવીને શું સુખ ભોગવ્યુ? અને અમને પણ શું સુખી કર્યાં? એ જીવ્યો હોત, રાજવૈભવ ભોગવ્યા હોત તો એને ય સંતોષ થાત ને અમને યે સંતોષ થાત'.

આમ કહી રાજાએ કલ્પાંત કરવા માંડયું.

નારદને થયું કે રાજા સહેલાઈથી સ્વસ્થ થાય તેમ નથી. તેથી તેણે કહ્યું : 'ઠીક, તો એને રાજવૈભવ ભોગવવા બોલાવવો છે ?'

એકદમ રાજાની આંખો ચમકી તે બોલી ઊઠ્યો, 'કોને? મારા દીકરાને? મારા બાળકુંવરને? હા, હા, બોલાવો'.

નારદે અંજલિ છાંટી, યોગબળથી જીવાત્માને બોલાવી, એને ફરી એ બાળશરીરમાં પ્રવેશ કરવાનો હુકમ કરતાં કહ્યું :

'તારા પિતા તારા વિના ઝૂરે છે. માટે તું ફરી આ શરીરમાં પ્રવેશ કરી, એમનો પુત્ર બની, એમને સુખ આપ, ને યથેચ્છ રાજવૈભવ ભોગવી સુખી થા !'

એકદમ જાણે ચમત્કાર થયો. બાળશરીર સળવળ્યું. એના હોઠ ફફડ્યા ને મુખમાંથી અવાજ સંભળાયો : 'કોણ ઝૂરે છે મારા વિના? કોને તમે મારા પિતા કહો છો? કોને વળી પુત્ર કહો છો? કોઈ કોઈનો પિતા નથી, કોઈ કોઈનો પુત્ર નથી. માત્ર પોતપોતાનાં કર્મ અનુસાર સૌ એવા વેશ ધારણ કરે છે. આજે જે પિતા તે કાલે પુત્ર બને છે, ને આજે જે પુત્ર તે કાલે પિતા બને છે. મારો જ દાખલો આપું. ગયા જન્મમાં હું રાજા હતો, પણ મને સંસાર ઉપર વૈરાગ્ય આવવાથી વનમાં જઇ તપ કરતો હતો, ત્યાં એક દિવસ એક સ્ત્રીએ મને એક ફળ આપ્યું. ફળમાં અસંખ્ય કીડીઓ હતી, પણ જોયા કર્યા વિના જ મેં એ ફળ દેવતામાં શેકી નાખ્યુ, આથી કીડીઓ મરી ગઈ. એ કીડીઓ આ જન્મે મારી સાવકી માતાઓ બની, ને મને તેમણે ઝેર દીધું. ફળ આપનારી સ્ત્રી માતા બની, અને એના નસીબમાં આજે શોક કરવાનો આવ્યો. આવી રીતે કંઈ કંઈ નાનાં મોટાં, દૂરનાં ને પાસેનાં કર્મોથી આપણે બધાં બંધાયેલાં છીએ ને તે સ્થિતિ પ્રમાણે ભોગવ્યે જઈએ છીએ. એમાં કોનો કોના પર અધિકાર છે, ને કોણ કોનું સગું છે, કોણ જાણે?'

આમ કહી એ જીવાત્મા ચાલ્યો ગયો.

ચિત્રકેતુ રાજાની આંખો ઉઘડી ગઈ. તે સમજી ગયો કે જન્મ ને મરણનો કે સુખદુઃખનો હરખશોક કરવો એનો કશો અર્થ નથી. આમ સમજી એ શાંત થયો.

*

સુખદુઃખનો હરખશોક કરવો એ માનવીના હાથમાં નથી. કારણ કે એ સુખદુઃખ એના પાછલાં કર્મોના પરિપાકરૂપે એને મળેલ છે, અને એણે એ શાંત સ્વસ્થ ચિત્તે સ્વીકારી લીધે જ છૂટકો છે. ન સ્વીકારે, ને એની સામે મનથી કે શરીરથી જેટલા પ્રયત્નો કરે તેટલાં નવાં કર્મો એ ઉપજાવે છે. પોતાને અધિકાધિક બંધનમાં બાંધે છે.

ગઈ કાલ વીતી ગઈ છે. એ આપણા હાથમાં નથી. પણ આજ ને આવતી કાલ આપણા હાથમાં છે. આજનાં કર્મો પ્રમાણે આવતી કાલ ઘડાવાની છે. વળી પ્રબળ મનોબળથી ગઈ કાલનાં પણ કર્મોના પરિણામની તીક્ષ્ણતા ઓછી કરી શકાય છે. દાખલા તરીકે અનેક જન્મોથી ઇર્ષ્યા ને ક્રોધના વિચારો સેવી સેવી માણસ ક્રોધી ને ઈર્ષ્યાળુ બન્યો હોય તો પણ જો એ બુદ્ધિપૂર્વક, સદ્‌ગુરુનું શરણ લઈને ખરા દિલથી કોશિશ કરે તો આ જ જન્મે પોતાના ઈર્ષ્યાળુ ક્રોધી સ્વભાવને ઘણે અંશે પલટાવી શકે છે. આ તો માત્ર એક સ્વભાવનો જ દાખલો આપ્યો પરંતુ શુભ સંકલ્પબળથી ને ઈશ્વરશરણની ભાવનાથી ઘણાં ભીષણ કર્મોનાં પરિણામને પણ ઓગાળી શકાય છે. શ્રદ્ધા અને સંકલ્પબળ એ

માનવીના આત્મામાં રહેલું અદ્ભુત રસાયણ છે. એ રસાયણનો ઉપયોગ કરવાનું જાણી લેવું દરેકને માટે જરૂરી છે.

આપણે હાથે ઘણી વાર અજાણ્યે નહિ કરવા જેવાં કર્મો થઈ જાય છે. ઘરમાં બેઠા બેઠા બારી-માંથી થૂંક નાખીએ, કે શાકનાં છોતરાં નાખીએ, જે કોઈ રસ્તે જતાની ઉપર જઈને પડે, ફૂટેલા ફાનસનો ગોળો રસ્તામાં જ જઈને નાખીએ, જે કોઈ છોકરાના પગમાં વાગે, એઠવાડનું કૂંડું ત્યાં જ રેડીએ, જેમાં પગ મૂકીને ઘણાને જવું પડે, દોડતા કોઈને હડફેટમાં લઈ લઈએ ને એનું કંઈક ઢોળી નાખીએ, સળગતી દીવાસળી કે બીડીનું ઠૂંઠું ગમે ત્યાં નાખીએ, જે ઊડીને કોઈની ઘાસની ગંજીમાં યે જઈને પડે, રસ્તામાં કાચ પડ્યા હોય તો નીચા નમીને વીણી ન લઈએ પણ ત્યાં જ પડ્યા રહેવા દઈએ, આપણાથી બની શકતું હોય, છતાં બીજાની સગવડ જરા સરખી યે ન સાચવીએ, ગાડીમાં લાંબા થઈને મજેથી સૂઈ જઈએ પણ ધાવણા છોકરાને તેડીને કોઈ બાઈ કલાકોથી ઊભી રહી હોય તેને બેસવાની જગા ન આપીએ, આવું તો ઘણું આપણે કરીએ છીએ, ને અજાણ્યે કર્યાનો મનમાં સંતોષ લઈએ છીએ. પરંતુ કુદરતની આગળ અજ્ઞાન બચાવરૂપે ચાલતું નથી. અજાણ્યે મેડા પરથી પડી જઈએ એટલે શું વાગે નહિ? અજાણ્યે ઝેર પીવાઈ જાય તો શું ઝેરની અસર નહિ થાય? માટે અજ્ઞાનનું ઓઠું શોધવા કરતાં, હિંમતથી જ્ઞાનપૂર્વક આચરવું એ જ મનુષ્યનો ધર્મ છે.

[લેખક **શ્રી રમણલાલ સોનીના 'ભારતીય કથામંગલ'**માંથી]

□



મા ગાયત્રીની કૃપા અને
પૂ. ગુરુદેવના આશિષ હરહંમેશ
વરસતા રહો એવી નમ્ર વિનંતી સહ

**જમનાદાસ નાગરદાસ મોદી**

જનરલ મરચન્ટ

**'ભગવતી'**

ઉદવાડા – Rs. ૩૯૬૧૮૫,
(ડિ. વલસાડ)

# ઓપરેશન વેળા સૂક્ષ્મ હાજરી !

માનવજીવનને ટકવા માટે, ટકાવી રાખવા માટે કોઈ ને કોઈ અવલમ્બન-આધાર આવશ્યક બની રહે છે. જીવનની નાની-મોટી આપત્તિઓમાં તેને કોઈ ને કોઈની સહાનુભૂતિ, હૂંફ, આશ્વાસન અને સધિયારો જરૂરી બની રહે છે. તે વિના માનવી ઘણો ભાંગી પડે છે. માનવીને પોતીકાં સગાં-વહાલાં-સ્નેહીજનોની હૂંફ તો હોય જ, પરન્તુ આખા કુટુમ્બને, બધાં જ સ્નેહીજનોને માટે એક ગણાય એવી કોઈ આપત્તિ આવી પડે કે કોઈ દુર્ઘટનાની સંભાવના ઊભી થાય ત્યારે બધાં જ સ્નેહીજનો એક સાથે જ હાલી ઊઠે તો કોણ કોને સધિયારો આપે ?

જેમને કોઈ સન્તની, ગુરુની છત્રછાયા સાંપડી છે, તેઓને તેમની સહાનુભૂતિ, હૂંફ સાંપડી રહે છે. તેમનો સધિયારો મેળવીને આપત્તિનો ઉકેલ મેળવવા કટિબદ્ધ બને છે કે ઉકેલ મેળવી શકે છે.

દિવસે દિવસે શારીરિક બીમારીઓનું પ્રમાણ વધતું જાય છે. તેનું વૈવિધ્ય પણ વિસ્તરતું જાય છે. મનુષ્યને ક્યારે કેવી શરીરની બિમારી આવી પડશે તે કહેવું મુશ્કેલ બની જાય છે. તબીબો કંઈ નિદાન કરી શકતા નથી. કરે છે, તો ત્યારે ઘણું મોડું થઈ ગયું હોય છે. તો ક્યારેક આકસ્મિક ઓપરેશનની આવશ્યકતા ઊભી થાય છે. ઓપરેશનનો હાઉ લગભગ દરેક માનવીને હલાવી મૂકે છે. તબીબોનાં નિદાન ને ખાતરી છતાં ઓપરેશન કરાવતાં લગભગ દરેક માનવી અનેક આશંકાઓથી ઘેરાઈ વળે છે. ઓપરેશન કરાવવું કે ન કરાવવું તે અંગે પણ કોઈ નિર્ણય કરી શકાતો નથી. ત્યારે વ્યક્તિને શ્રદ્ધા હોય, તો સન્તના-ગુરુના આશ્રયે જાય છે, તેમનું માર્ગદર્શન મેળવે છે ને તેમના આદેશ અનુસાર તેઓ ડગ ભરે છે. ઓપરેશન કરાવવા બાબતમાં પણ ઘણાં માનવીઓ સન્તના-ગુરુના આદેશને અનુસરે છે અને અકલ્પ્ય ને અણધારી સફળતા મેળવે છે.

પૂ. શાસ્ત્રીજી પાસે આવતાં ઘણાં મુલાકાતીઓ પોતાની શારીરિક તકલીફ અંગે તેમનું માર્ગદર્શન મેળવે છે. જ્યારે ઓપરેશનની આવશ્યકતા ઉપસ્થિતિ થાય છે ત્યારે પણ પૂ. શાસ્ત્રીજીના આદેશને અનુસરે છે. માતાજી તરફથી પ્રાપ્ત થતા સંકેત અનુસાર પૂ. ગુરુદેવ ઓપરેશન અંગેની સંમતિ-અસંમતિ દર્શાવે છે. પણ વ્યક્તિની ભક્તિભાવના કે તેના હૃદયનો ફફડાટ આટલેથી જ અટકતાં નથી. વ્યક્તિને તો સધિયારો જોઈએ છે, ચોક્કસ બાંહેધરી જોઈએ છે. એ સધિયારો લેવા પૂ. ગુરુદેવને ઉપસ્થિત રહેવા વિનંતી કરે છે. દિવસ દરમ્યાન લોકોને મુલાકાત આપવામાં વ્યસ્ત રહેનાર પૂ. શાસ્ત્રીજીને રુબરુ-ઉપસ્થિત રહેવાનું તો શક્ય ન બને, પણ સિદ્ધ પુરુષોને તો પ્રત્યક્ષ ને પરોક્ષ બધું જ હાથવગું હોય ! જ્યારે કોઈ વ્યક્તિ આવી આપત્તિ વેળા ગભરાતી હોય, મૂંઝાતી હોય, ત્યારે પૂ. ગુરુદેવ ઘણીવાર સસ્મિત વદને, કરુણાર્દ્ર-અમીસભર દૃષ્ટિએ બોલી ઊઠશે, 'હું આશીર્વાદ આપીશ. તમને કશું નહિ થાય, બધું મટી જશે. માતાજી પર છોડી દો.' ને તે વેળા શાસ્ત્રીજીમાં આવિર્ભાવ પામેલું જગદમ્બા-વેદજનની ગાયત્રી માતાજીનું સ્વરૂપ ને પૂ. શાસ્ત્રીજીના એ શબ્દો વ્યક્તિને કેટલી હિંમત, ધીરજ, હૂંફ, સહાય ને શક્તિ બંધાવી આપતું હશે એ તો જેને અનુભવ થયો હોય તે જ જાણે અને પછી ઓપરેશન થિયેટરમાં ટેબલ પર સૂતેલા દર્દીને, તેમ જ ઓપરેશન થિયેટરની બહાર ઊભેલાં સ્વજનોને પૂ. શાસ્ત્રીજીની સૂક્ષ્મ ઉપસ્થિતિના અનેકવિધ રીતે અનુભવો થાય છે. વેદમાતા ગાયત્રીની શક્તિનાં સૂક્ષ્મ સ્પંદનો વડે પૂ. શાસ્ત્રીજી સૂક્ષ્મ રૂપે દર્દીને જાણે હાથ ઝાલીને તેના દર્દની વેદનામાંથી બહાર લઈ આવે છે ને વ્યક્તિને-દર્દીને ખુદને પણ તેની ખબર પડતી નથી.

વ્યક્તિની ભક્તિભાવનાનું, શ્રદ્ધાનું, શરણાગતિનું જ આ સૂક્ષ્ય રૂપ જેને પોતાના ઇષ્ટમાં શ્રદ્ધા છે, ને એ ઇષ્ટ પ્રત્યે જેણે અંગુલિનિર્દેશ કર્યો છે તેવા સન્તમાં–ગુરુમાં જેમને શ્રદ્ધા છે તેઓ આ ને આવી અનેક આપત્તિઓમાંથી ઊગરી જઈ શકે છે.

અત્રે આવો જ એક પ્રસંગ પ્રસ્તુત કર્યો છે, જે પ્રેરણાદાયી નીવડશે.

એક બહેન જણાવે છે :

'૧૯૭૮ ના નવેમ્બરમાં મારા ભાઈને ડૉક્ટરે કહ્યું કે ગાલની નીચે રસોળીની ગાંઠ છે ને તે કઢાવવી જ પડશે. ઉપરાંત દાઢ પણ સો એ સો ટકા કઢાવવી જ પડશે. જડબાનું નક્કી નથી. અમારો એકનો એક ભાઈ, મધ્યમ વર્ગના અમે અને આવી ઘણી જ ઉપાધિઓમાંથી પસાર થઈ ચૂકેલા મારા પૂ. પિતાશ્રીએ ઘરમાં રડારોળ ન થાય તે માટે અડધા જ કલાકનું ઓપરેશન છે તેમ જણાવેલું.

જસલોકમાં અમે અમારા સમ્બન્ધીઓ સાથે નીચે બેઠેલા. મારી પરમ પૂજ્ય ગુરુજીને એક જ વિનવણી તે અરસામાં ચાલુ હતી કે તમારી હાજરી ઓપરેશન થિયેટરમાં જોઈએ જ. ઉપર ઓપરેશન ચાલતું હતું, ત્યાં મને અલૌકિક અનુભૂતિ થઈ કે પૂ. ગુરુદેવની હાજરી છે. મને પૂરી શાંતિ હતી. પણ ખોટના છોકરાને આવી પડેલી મુશ્કેલી માટે અમારા બધા જ સમ્બન્ધીઓ ચિંતામાં હતાં. બરાબર સાડા ત્રણ કલાકે અમારા ફેમિલી ડૉક્ટર બહાર આવ્યા ને જણાવ્યું કે એક પોઇન્ટના લીધે તેનું જડબું તો બચી ગયું છે, પણ દાઢ પણ જેમની તેમ છે. ત્યારે જ અમને ખબર પડી કે ઓપરેશન કેટલું ભયાનક હતું. એક આંખ નાનપણમાં ગુમાવેલી તેની વેદના તો હતી જ, ત્યાં કંઈક અજુગતું બનત તો અમે છતા ભાઈએ તેની પર નજર કઈ રીતે નાખત ? અમારા વડીલોની શી હાલત થાત ?

પણ, પૂ. માની કૃપા અને પૂ. શાસ્ત્રીજીના આશીર્વાદથી ઘણી જ શાંતિ છે. પૂ. ગુરુજીને આવી બાબતોમાં વારંવાર પરિશ્રમ આપવો પડે છે, તેનું ઘણું દુઃખ છે, છતાં તસ્દી આપું છું.'

શરીરની બીમારી અંગે ઓપરેશન તેમજ અન્ય નિદાનો સૌ પ્રથમ તો દર્દીને તેમ જ તેનાં સંબંધીઓને અકળાવનારાં–મૂંઝવનારાં તો હોય જ છે, પણ વ્યક્તિમાં પોતાના ઇષ્ટ પ્રત્યે, ગુરુ પ્રત્યે શ્રદ્ધા હોય, શરણાગતિ હોય, ને તદુપરાંત, તેના પોતાનામાં પણ થોડીક પોતીકી, પોતે જાતે કેળવેલી ધીરજ, સહનશક્તિ ને હિંમત હોય તો ચોક્કસ વ્યક્તિ અતિ ત્વરાથી રાહત કે મુક્તિ મેળવી શકે છે !

□




મા ગાયત્રીની કૃપા

**શ્રી ગણેશ ટ્રેડર્સ**

'ભગવતી'

✻

ઉદવાડા–Rs. ૩૯૬૧૮૫

# આધ્યાત્મિકતાના આશ્રય વિના વૈયક્તિક, સામાજિક અને વૈશ્વિક ઉત્થાન શક્ય નથી!

આપણા સમાજનાં ઘરોમાં ગૃહત્યાગ કરવાના બનાવો છાશવારે બને છે. તરુણો–યુવાનો એક યા અન્ય વિષે લાગણીના–ક્રોધના–રોષના–ગુસ્સાના ક્ષણિક આવેશમાં આવી ઘર છોડી ચાલ્યા જાય છે. એ તરુણોની–યુવાનોની નાદાનિયત તેમ જ એ પગલાને સહજ જે સ્વાભાવિક ગણીએ તો પણ, જીવનની ઢળતી સંધ્યાએ, જીવનનો સૂર્ય અસ્તાચળ ભણી ગતિ કરી રહ્યો હોય ત્યારે વૃદ્ધો પણ એક યા અન્ય કારણોસર મગજની સમતુલા ગુમાવી, ઘર છોડી ચાલ્યા જાય છે ત્યારે દુઃખ ને આશ્ચર્ય બંને થાય છે.

પૂ. શ્રી શાસ્ત્રીજીના કાર્યનો ઉદ્દેશ સમાજનાં–વિશ્વનાં લોકોની સેવા કરવાનો છે. સમાજના પ્રત્યેક માનવીને વ્યક્તિગત મુલાકાત આપી, તેમની વ્યક્તિગત–અંગત મૂંઝવણો સાંભળી, કેવળ મા ગાયત્રીનું શરણું સ્વીકારવાનો, ગાયત્રી–મંત્રજપ કરવાનો (પોતાના કોઈપણ ઇષ્ટનું સ્મરણ કરવાનો) આદેશ આપે છે અને જીવનની આધિ–વ્યાધિ–ઉપાધિમાં મનને શાંત, સ્વસ્થ રાખવાનો–બનાવવાનો ને એ દ્વારા જીવનનિર્વાહ કરવાનો, જીવન–વ્યવહાર સરળ બનાવવાનો એક માર્ગ તેઓ ચીંધી રહ્યા છે. વ્યક્તિ જો આવો અભિગમ ન અપનાવે તો કૌટુમ્બિક સુખ, શાંતિ ને એકતા જોખમાય છે ને એમ કરતાં કરતાં આખો સમાજ છિન્નભિન્ન થઈ જાય છે.

આજે સર્વત્ર અશાંતિ ને અનિષ્ટો પ્રવર્તી રહ્યાં છે. માનવીની વૃત્તિઓ–પ્રવૃત્તિઓ હીન ને સંકુચિત બનતી જાય છે. વ્યક્તિ–વ્યક્તિ વચ્ચે એક યા અન્ય કારણોએ વૈમનસ્ય સર્જાતું રહે છે – અન્તર વધતું જાય છે. જ્યાં જુઓ ત્યાં માનવતાનો ત્રાસ થતો જાય છે. એકમેક પ્રત્યે વેર, ઈર્ષ્યા, દ્વેષભાવ વધતાં જાય છે ને એને કારણે એક વ્યક્તિ બીજાને નીચો પાડવા પ્રયત્ન કરે છે. ને એમાંથી સામાજિક–કૌટુંબિક રીતે બહુ મોટું વૈમનસ્ય ઉદ્‌ભવે છે.

અથવા તો ક્યારેક વ્યક્તિ પોતાના મનની અશાંતિને લીધે, પોતાની સંકુચિત વૃત્તિઓ–પૂર્વગ્રહોને લીધે અઘટિત–અણુચિંતવ્યું પગલું ભરવા તત્પર બને છે, જેમાંથી ગૃહત્યાગ, આત્મહત્યા, ચોરી, લૂંટફાટ, બળાત્કારના કિસ્સાઓ ઠેરઠેર બનતા જોવામાં–સાંભળવામાં–અનુભવવામાં આવે છે.

આ બધાના નિરાકરણનો એક જ ઉપાય છે ને તે એ કે માનવી સ્વસ્થ, શાંત બની વેરઝેર, ઈર્ષ્યા, દ્વેષભાવ ને પૂર્વગ્રહોથી મુક્ત બની પોતાના જીવન, કુટુમ્બ, સમાજ ને આસપાસના સમગ્ર વાતાવરણમાં માનવતાનો સાદ પાડવા કટિબદ્ધ બને, લોકપયોગી કાર્યો કરે ને કરાવે અને તો જ સમાજ ને વિશ્વમાં શાંતિ પથરાશે–સમાજ ને વિશ્વનો ઉદ્ધાર થશે.

પણ આ બધું કેવી રીતે થઈ શકે?

ત્યારે પૂ. શ્રી શાસ્ત્રીજી, તેમની વ્યક્તિગત મુલાકાતનું કાર્ય ને તેમનો આદેશ – સમ્પૂર્ણ શ્રદ્ધા, શરણાગતિથી, મા–બાળકનો સમ્બન્ધ કેળવી ગાયત્રી–મંત્રજપ કરો. તમને અવશ્ય માનસિક શાંતિ

પ્રાપ્ત થશે – યાદ આવે છે. કારણ કે આ કળિયુગમાં માનસિક શાંતિ પ્રાપ્ત કરવાનો એક માત્ર ઉપાય છે ઈશ્વરની શરણાગતિ.

જેમ પારસમણિના સ્પર્શે લોઢું સુવર્ણ બને તેમ પૂ. શાસ્ત્રીજીના સમ્પર્કમાં આવતી વ્યક્તિઓમાં સદ્‌વૃત્તિનો આવિર્ભાવ થઈ સન્માર્ગે પ્રેરાય છે.

સામ્પ્રત સમયને અનુલક્ષીને વિચારતાં પૂ. શ્રી શાસ્ત્રીજીનું આ કાર્ય સમાજને અનેક રીતે ઉપયોગી ને માર્ગદર્શક છે. શાસ્ત્રીજીનું કાર્ય આજના સમયની માંગ છે. એ દ્વારા જ સમાજ અને વિશ્વનું ઉત્થાન થઈ શકે. સમાજ અને વિશ્વની સામ્પ્રત પરિસ્થિતિ જોતાં આધ્યાત્મિકતાના આશ્રય વિના અન્ય કોઈ આરો નથી.

અત્રે ગૃહત્યાગનો એક નાનકડો પ્રસંગ પ્રસ્તુત કર્યો છે, પણ એ અનેક રીતે દિશાપ્રેરક નીવડશે એવા આશયથી પ્રગટ કર્યો છે.

એક બહેને લખ્યું છે :

'લગભગ બે વર્ષ પહેલાં મારા નિકટના સમ્બન્ધી અસ્થિર મગજના લીધે મુંબઈમાં એકાએક ગુમ થઈ ગયેલા. ઘણી તપાસ કરી, છાપામાં સુદ્ધાં જાહેરખબર આપી. સતત ૪૦ કલાકની શોધને અંતે તેઓ જીવન્ત હશે કે કેમ તે વિશે શંકા જાગેલી. આવી પરિસ્થિતિમાં પૂ. શાસ્ત્રીજી યાદ આવ્યા. હું તેમની પાસે ગઈ. તેમણે મને ખૂબ શાંતિથી સાંભળી ને કહ્યું, 'ભાઈ ઘેર આવી જશે તેવી કોશિશ કરીશ.'

મેં કહ્યું, 'અમે આજે મુંબઈ જઈએ છીએ.'

તેમણે બે વાર પૂછ્યું, 'મુંબઈ જવું જ છે?' મેં બે વાર હકારમાં જ જવાબ આપ્યો. પછી હું ઘેર આવી. સાંજે પાંચ વાગ્યે મુંબઈથી કોલ આવ્યો કે ભાઈ આપણા ગામમાં પહોંચી ગયા છે, ને તમે જાવ. લગભગ સાડા ત્રણ વાગ્યે તેઓ અમારા ગામમાં ચમ્પલ, ચશ્મા વિના પહોંચી ગયેલા. પોતે કોણ છે? ક્યાં છે? તેની ખબર જ નહોતી. તો કેવી રીતે ગામમાં પોતાના ઘેર ગયા? પછી અમે તેમને લઈ પૂ. શાસ્ત્રીજીનાં દર્શને ગયા. પૂ. શ્રીએ મને પૂછ્યું કે 'બહેન! હવે મુંબઈ જવું છે?' મેં કહ્યું, 'મારામાં હજી કચાશ છે, મને માફ કરો.'

તે પહેલાં મેં પૂ. શ્રીને પૂછેલું કે આ સમ્બન્ધીની બધી જ રીતે બેહાલી થઈ છે. હું વારંવાર તમારી પાસે આવવા જણાવું છું, પણ ઘરનાં સમજતાં જ નથી. તેમણે મને કહેલું કે 'હજુ વાર છે.' એ વાતને બે વર્ષ થઈ ગયાં. એ ભાઈને દેવલોક થયાને પણ ઘણો સમય થઈ ગયો. તેમનાં ધર્મ-પત્નીની તબિયત ઘણી નાજુક છે. એ બહેને મને કહેલું કે શાસ્ત્રીજીને પૂછજો કે 'હજુ કેટલું બાકી છે?...'

માનવી ભક્તિને અભિમુખ બને તે પણ તેના પૂર્વનાં સંચિત કર્મનું જ ફળ છે. જેવાં ને જેટલાં માનવીનાં કર્મો સંચિત હોય તેવાં ને તેટલાં તે સત્કર્મો કરી શકે છે. તેવી ને તેટલી ઝડપે તે ભક્તિને અભિમુખ બની શકે છે. ઈશ્વરનું શરણું ગ્રહી શકે છે. જીવનની ઢળતી સન્ધ્યાએ પણ માનવીનાં સંચિત કર્મો તેની તરફેણ ન કરતાં હોય તો તે ઈશ્વરની શરણાગતિ સ્વીકારી શકતો નથી. તેને ઈશ્વરમાં દિલ-ચસ્પી જાગતી નથી. તે માનસિક અશાંતિમાં અટવાતો અટવાતો મનની સમતુલા ગુમાવી બેસે છે ને

આ ને આવાં અનેક ન કરવાનાં કાર્યો કે બાલિશ લાગે તેવાં કાર્યો કરી નાખે છે. કર્મોની પરિપક્વતા ક્યારે થશે એ તો કોઈ સન્ત જ કહી શકે. એટલું જ નહિ, પરમાત્માના દિવ્ય સન્દેશના વાહકો–દૂતો –સન્તોનું સાન્નિધ્ય ને માર્ગદર્શન પણ ત્યારે જ પ્રાપ્ત કરી શકે. સન્તો હંમેશ સત્કર્મનો આદેશ આપતા હોય છે. એ સત્કર્મો જ માનવીના જીવનને પ્રત્યેક રીતે સુખી, સમૃદ્ધ, ઊર્ધ્વ ને ઉન્નત બનાવે છે. પ્રભુની શરણાગતિ, શ્રદ્ધાપૂર્વકનું નામસ્મરણ માનવીને માનસિક શાંતિ આપે છે તેવી એ શ્રદ્ધા, શરણાગતિ ને નામસ્મરણના બળે જીવનની ગમે તેવી આપત્તિના સમયમાં કમસે કમ માનસિક સમતુલા–સ્થિરતા તો જાળવી જ શકે છે. ને સમતોલ–સ્થિર માનવી જીવનની ગમે તેવી ગૂંચો પણ ઈષ્ટની કૃપાથી ઉકેલી શકે છે.

ને સાથે કોઈ સન્તનું–ગુરુનું માર્ગદર્શન-સાન્નિધ્ય હોય તો સોનામાં સુગન્ધ ભળવા જેવું થાય છે. સન્તના આદેશને આખરી માનીને ચાલનારો મનુષ્ય સર્વ વાતે સુખી થાય છે, કારણ કે તેના પ્રત્યેક શબ્દમાં કંઈ ને કંઈ સંકેત છુપાયેલો હોય છે, રહસ્ય રહેલું હોય છે. માનવી એ સંકેતને – રહસ્યને પામી શકે તો આવી અનેક આપત્તિઓમાંથી ઊગરી જઈ શકે, તેનો ઉકેલ મેળવી શકે.

□


શુભેચ્છા સહિત :

Res. : ૩૬૫૦૫
Fact. : ૩૭૦૦૪

## ડૉ. જયંત વાડીલાલ ગીલીટવાલા

દરેક જાતનો જરી કસબ ગીલીટ કરનાર

# ડોક્ટર જયંત ફેબ્રીક્સ

એમ્બ્રોઈડરી મશીન જ્યોજેટ બનાવનાર

: ફેક્ટરી :
પ્લોટ નં. ૧૩/૧, ખટોદરા
ઉધનારોડ

: રહેઠાણ :
૯/૫૬૮ કોટસફીલ રોડ,
સુરત-૧

# સમાચાર

* **મુંબઈમાં :** પૂજ્ય ગુરુદેવની વ્યક્તિગત મુલાકાતનો કાર્યક્રમ :
ગંગાદાસ વાડી, બાબુલનાથ મંદિર પાસે, ચોપાટી, મુંબઈ.

તારીખ : ૧૩–૫–'૮૩ થી ૧૫–૫–'૮૩

સમય : સવારના ૧૧–૦૦ થી સાંજના ૫–૦૦ વાગ્યા સુધી.

* **સુરતમાં** પૂજ્ય ગુરુદેવની વ્યક્તિગત મુલાકાતનો કાર્યયજ્ઞ :

સ્થળ : સુરત ક્ષત્રિય સમાજ ટ્રસ્ટ,
સીંગાપુરીની વાડી, ઘમણુવાળા હોલ,
મહારાજા થિયેટરની સામે, રુસ્તમપુરા, સુરત.

તારીખ : ૨૭–૫–'૮૩ થી ૨૯–૫–'૮૩.

સમય : સવારના ૧૧–૦૦ થી સાંજના ૫–૦૦ વાગ્યા સુધી.

* **ચૈત્રી નવરાત્રી :** તા. ૧૪–૪–'૮૩ થી ૨૧–૪–'૮૩ સુધી.
અનુષ્ઠાન કરવા ઇચ્છતા ભાઈબહેનોને પૂજ્યશ્રી ગુરુદેવના આશીર્વાદ.

* પૂ. ગુરુદેવનાં પુસ્તકો ગુજરાતી–અંગ્રેજી ભાષામાં પ્રસિદ્ધ થયાં છે.
અમદાવાદમાંથી રુબરુમાં મેળવી શકાશે :

(૧) ઉપાસનાનો રાજમાર્ગ (૨) અગોચરના ઊંડાણમાં (૩) True worship

□




'ગુરુકૃપા હિ કેવલમ્'

મીના ટ્રેડર્સ

"ભગવતી"

ઉદવાડા–Rs. ૩૯૬૧૮૫



પ્રખર ગાયત્રી - ઉપાસક પૂ. શ્રી શાસ્ત્રીજી

 R. N. 38405/82

# પૂજ્ય ગુરુદેવની મુલાકાત

* આધિ, વ્યાધિ, ઉપાધિથી ત્રસ્ત કોઈપણ વ્યક્તિ જ્ઞાતિ. જાતિ, સમ્પ્રદાય કે ધર્મનાં બન્ધનો સિવાય વિનામૂલ્યે પૂજ્ય ગુરુદેવની મુલાકાત લઈ માર્ગદર્શન મેળવી શકે છે. પ્રત્યક્ષ મુલાકાત શક્ય ન બને તો પણ પૂજ્ય ગુરુદેવના આદેશ અનુસાર ગાયત્રી મહામંત્રની ત્રણ માળાને જીવનના અનિવાર્ય દૈનિક કાર્યક્રમમાં વણી લેજો.

મુલાકાત સ્થળ : '**નીલોષા**' બંગલો,
ત્રિમૂર્તિ સોસાયટી, ગવર્નમેન્ટ પાંચ બંગલા પાસે,
ગુલમોર ફ્લેટ્સ પાછળ, ગુલબાઈનો ટેકરો,
અમદાવાદ-૧૫.

**સમય : બપોરના ૧૨-૦૦ થી ૨-૦૦ (૧૦૧ વ્યક્તિને મુલાકાત)**

**શનિ-રવિ તથા જાહેર રજાના દિવસે બંધ.**

* પૂજ્ય ગુરુદેવ આપના પત્રો વાંચે છે, પરન્તુ લેખિત જવાબ પાઠવતા નથી.

* શારીરિક-માનસિક રોગો માટે પૂ. ગુરુદેવ જીવનજળ આપે છે. સ્વચ્છ ખાલી બાટલી સાથે લાવવી, જેથી અભિમંત્રિત જીવનજળ આપી શકાય.

□